આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૩ • અંક : ૧૦
સળંગ અંક : ૯૯૮
જાન્યુઆરી-૨૦૨૪



## ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન

# ઘરશાળા

વર્ષ : ૮૩

સળંગ અંક : ૯૯૮ | જાન્યુઆરી-૨૦૨૪

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>રાજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮
ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


૧. કૉમન સિવિલ કોડ અને ગાંધીજી ૪

૨. સંપાદકીય - સાંપ્રત સમયમાં ગાંધી જ્યોતીન્દ્રભાઈ દવે/૫

૩. આરબ - ઈઝરાઈલ અને ગાંધી નારાયણ દેસાઈ/૭

૪. યુદ્ધનો અવેજ - ગાંધીદર્શનમાં મનસુખ સલ્લા/૧૦

૫. સમજણનાં સાધક - શ્રી જશીબેન નાયક ઈશ્વરભાઈ પરમાર/૧૩

૬. ગિજુભાઈ બધેકા એટલે .. ઘણું બધું... - ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ' /૨૨

૭. મૂડીના વ્યાજે કાઢેલ કાઢું ભાગ-૨ હીરજીભાઈ નાકરણી/૨૫

૮. "મિરેકલ મિલેટ્સ" - "બરછટ ધાન્ય - જવ - Barley" - પાલખીવાલા અમિતા મનુભાઈ/૨૯

૯. " નવમો તાસ" એક નવો ઉઘાડ ડૉ. મહેશ ઠાકર/૩૩

૧૦. કેળવણી કોને કહીશું? કાંતિલાલ જો. પટેલ/૩૪

૧૧. ગુરુદક્ષિણા હીરાલાલ એન. છોડવડીયા/૩૬

૧૨. અંગ્રેજી ગેસ્ટ ભાષા છે, જ્યારે માતૃભાષા બેસ્ટ ભાષા છે. વિઠ્ઠલભાઈ વઘાસિયા/૩૭

૧૩. શિક્ષણ સમાચાર અશોક સોમપુરા/૪૨


## લવાજમ અંગેની માહિતી


| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# કૉમન સિવિલ કોડ અને ગાંધીજી

આપણે દેશમાં લોકશાહી રાજ્યરચના તો લાવ્યા છીએ; પરંતુ એનાં મૂલ્યોને હૃદયથી સ્વીકાર્યાં નથી. વળી ધર્મ અને રાજકારણ વિશે આપણે ત્યાં ગૂંચવાડો, વિરોધાભાસ અને ગૌણને મુખ્ય ગણાવવાના હેતુપૂર્વકના પ્રયત્નો થાય છે. ગાંધીજીએ કૉમન સિવિલ એક્ટને માન્ય કર્યો. સમાન નાગરિક ધારાનો અર્થ છે વ્યક્તિ ગમે તે ધર્મનો હોય પણ બંધારણ મુજબ બધાને સમાન નિયમ લાગુ પડે છે; પરંતુ આજના મતના રાજકારણમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે બધા ધર્મના લોકો સામાજિક કાયદાને પણ ધર્મના રંગે રંગે છે. ગાંધીજી આજે હોત તો નિસંકોચ કહેત કે બંધારણ કે ન્યાયાલય મનુસ્મૃતિ, કુરાન કે બાઈબલને આધારે નહિ ચાલે. એમાં અપવાદ ન હોઈ શકે. વ્યક્તિ ગમે તે ધર્મનો હોય; પરંતુ તે અસામાજિક કૃત્ય કરે તો કોર્ટમાં ધર્મના આધારે નિર્ણય નહિ થાય. વૉટભૂખ્યા રાજકારણીઓએ અયોગ્ય પગલાંને વધુ વળ ચડાવ્યો છે. શાહબાનો કેસમાં સરકારનાં પાછાં પગલાંને ગાંધીજીએ કદી માન્ય ન કર્યા હોત. કારણકે શાહબાનો કયો ધર્મ પાળતી હતી તે મહત્વનું નહોતું. સ્ત્રીની સમાનતા, સ્વતંત્રતા અને માનવીય ગૌરવની એમાં હાનિ હતી.



કોણ કયો ધર્મ પાળે, કઈ ઉપાસનાવિધિ કરે એ વ્યક્તિગત બાબત છે. એમાં કોઈએ ડખલગીરી, બળજબરી કે ટોળાશાહીથી દબાણ ન કરવું જોઈએ એ ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું હોત. સાથે જ બંધારણના ક્ષેત્રમાં, માનવીય ગૌરવના ક્ષેત્રમાં સાંપ્રદાયિક બાબતોને દાખલ ન કરવી જોઈએ એ પણ કહ્યું હોત. ત્રણ તલાક, છૂટાછેડાનો કાયદો, સ્ત્રીનો ભરણપોષણનો અધિકાર, બાળલગ્ન, એકથી વધુ પત્ની રાખવી, વિધર્મી સાથે લગ્ન - આ બધી બાબતો વિચારતી વખતે સંપ્રદાય મુજબ અલગ કાયદા ન હોઈ શકે.

ઉપરાંત અને ખાસ ગાંધીજીએ એ કહ્યું જ હોત કે સામાજિક પરિવર્તન માત્ર બંધારણમાં લખવાથી કે કાયદા ઘડવાથી નથી થતું. અને માટે લોકમાનસનું ઘડતર કરવું અનિવાર્ય છે. લોકકેળવણી વિના લોકશાહી ટકી ન શકે. એટલે પ્રજાકીય કેળવણી પણ કરો.

સાભાર – ગાંધીની નજરે દુનિયા

મનસુખ સલ્લા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## <u>સાંપ્રત સમયમાં ગાંધી</u>

ગાંધી નિર્વાણદિન ગાંધીને યાદ કરવાનો દિવસ છે. ગાંધીના મૂલ્યો, વિચારો, જીવનપદ્ધતિથીઆપણે વિમુખ થયા છીએ. ગાંધી વિચારની અસર આજે છે તે મુદ્દો ચર્ચાનો વિષય છે.

અત્યારે ગાંધી ક્યાં છે? તેનો વિચાર પ્રથમ કરીએ.

એક વિશાળ પરિપેક્ષમાં જોઇએ તો ગાંધીને કારણે સમાજમાં બદલાવ આવ્યો છે. પહેલો બદલાવ છે,સમાજ વ્યવસ્થા - શહેરમાં અને કંઇક અંશે ગામડામાં અસ્પૃશ્યતા ઓછી થઈ છે. દલિત અને પછાતવર્ગ તરફની ૭૫ વર્ષ પહેલાની સુગ ઓછી થઇ છે. નવી ચેતના, જાગૃતિ અને વિકાસ આ વર્ગમાં ચોક્કસ થયો છે. સૌથી અગત્યનું દલિતો અને પછાતવર્ગ નિર્ભય બન્યો છે. જ્ઞાતિનું ગણિત ચૂંટણી સમયે રાજકિય પક્ષોમાં છે. પણ આમ સમાજમાં આંતરજ્ઞાતિય,આંતરપ્રાંતિય લગ્નો અને સંબંધોના તાણાંવાણાંનો વ્યાપ વધ્યો છે. સ્ત્રીઓ માટે ગાંધીએ કરેલા પ્રયત્નોની અસર સ્ત્રીઓમાં જોવા મળે છે. છેલ્લાં વર્ષોમાં તમામ વ્યવસાયમાં સ્ત્રી અગ્રેસર રહી છે.તે ગાંધી ફેક્ટરનું પરિણામ છે.

"સૌનો સાથ સૌનો વિકાસ" આજના આ રાજકિય સૂત્રના મૂળમાં ગાંધી વિચાર છે. રાજકિય પક્ષોને આ સૂત્ર સ્વીકારવા માટે ગાંધી વિચારે જ મજબૂર કર્યો છે.

સ્વદેશી વિચાર નવા પેકિંગમાં ભૂલી-ભટકીને આજે પાછો આવ્યો છે. કદાચ વિશ્વની આર્થિક પરિસ્થિતિમાં આવેલ બદલાવને કારણ પણ આજે "આત્મનિર્ભર ભારત" નો વિચાર વેગવંત થયો છે.તેમાં પણ ગાંધીનો "સ્વદેશી" વિચાર કારણભૂત હોઇ શકે.

હવે ગાંધી ક્યાં નથી અને આપણે શું ભૂલ્યાં છીએ. તેનો વિચાર કરીએ :-

(૧) **ગાંધીનું સત્ય:-** સત્યની વ્યાખ્યા કરવી અઘરી છે. પણ ગાંધીએ ખૂબ જ સરળ વ્યાખ્યા આપી. સત્ય એ જ પરમેશ્વર.

**માનવસમાજે જાણે** - અજાણે પરમેશ્વરને ધર્મ સાથે જોડ્યો.પરિણામે મારો પરમેશ્વર(ધર્મ) સારો-ઉચ્ચ અને અન્યનો પરમેશ્વર(ધર્મ) નીચો.આ માન્યતા વિશ્વમાં એટલી દ્રઢ થતી ગઇ છે કે ધર્મના નામે યુદ્ધો-વિવાદ-ઝગડા-તોફાનો થતાં જ રહ્યા છે.

ગાંધીનો પરમેશ્વર આપણે સ્વીકાર્યો નથી."સર્વ ધર્મ સમભાવ" નો વિચાર ભૂલાઇ ગયો છે. નરસિંહ મહેતાએ ખૂબ સરળ ભાષામાં સાહજિક રીતે કહ્યું, "ગ્રંથ ગરબડ કરી વાત નવ કદી ખરી જેહ ને જે ગમે તેને પૂજે" આ સર્વધર્મ સમભાવની ગાંધી/નરસિંહની વાત આપણે સાહજિક રીતે સ્વીકારી નથી.

(૨) ગાંધીની સાદગી અને સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ :-

ઈશાવાસ્ય ઉપનિષદ્‌નો ગાંધીનો પ્રિય શ્લોક છે.

ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।

તેન ત્યક્તેન ભુંજિથાઃ મા ગૃધઃ કસ્ય સ્વિદ્ ધનમ્ ॥

ગાંધીએ આ શ્લોકમાંથી બે વિચારોને મહત્વ આપ્યું છે. (૧) "આ બધું ઈશ્વરનું છે." આપણે તેના ટ્રસ્ટી છીએ. સૃષ્ટિની સમગ્ર કુદરતી સંપતિનો આપણે વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો છે. (૨) "ત્યાગને ભોગવી જાણો." આપણે અને સમગ્ર વિશ્વએ ઉપભોગતા તરફ ગાંડી દોટ મૂકી છે. સાધનો-સંપતિનો બેફામ ઉપયોગ - બગાડ વધતો ચાલ્યો છે. સાદગી અને કરકસર જીવનમાંથી દરેક તબક્કે ભૂલાઈ ગઈ છે. (૩) વાંછો ના ધન અન્યનું - "પરધન નવ ઝાલે હાથ રે." નરસિંહની વાત ભૂલાઈ ગઈ છે. અણહક્કનું, ભ્રષ્ટાચાર દ્વારા મળેલી સંપતિનો વ્યાપ વધતો જાય છે. ઝુંટવી લેવું - પડાવી લેવુંની માનસિક્તા વધતી જાય છે. અહીં ગાંધી ભૂલાયો છે.

(૩) **શ્રમનો મહિમા :-** ગાંધીએ જીવનમાં શ્રમની અગત્યતા સ્વીકારી છે. જીવન દરમિયાન શ્રમને સ્વીકાર્યો છે. પરસેવા વગરનું અન્ન અનૈતિક છે તે વાત અને શિખામણ આપણે ભૂલી ગયા છીએ.

ટૅકનોલૉજી- સાધનો - શહેરીકરણ વગેરેને કારણે માનવ શ્રમજીવી ઓછો અને બુદ્ધિજીવી વધુ બન્યો છે. પરિણામે શારીરિક સ્વાસ્થય નબળું પડ્યું છે. આયુષ્ય વધ્યુ છે પણ આયુષ્યની ગુણવત્તાઘટી છે. શિક્ષણમાંથી શ્રમને બાકાત રાખવામાં આવ્યો છે. શ્રમનું ગૌરવ નહીં પણ શ્રમ તરફનો અભિગમ હિન કક્ષાનો થતો જાય છે.- અહીં ગાંધી ભૂલાયો છે.

(૪) **પ્રેમ અને કરુણા :-**

અને છેલ્લે પ્રેમ-કરુણા જેવા શાશ્વત મૂલ્યોને ગાંધીએ જીવંત કરવાનો પ્રયત્ન કર્યો હતો તે પણ આજે સમાજમાં વિકાસની આંધળી દોટ, માનવીય સંબંધોમાં સંવેદનાનો અભાવ - પ્રેમ અને કરુણાની જગ્યાએ હિંસા, ધિક્કાર, ખૂન ખરાબી, બળાત્કાર અને અમાનવીય વ્યવહારો વધતાં ચાલ્યાં છે.

ઈશુ, મહંમદ પૈગંબર, મહાવીર, બુદ્ધ અને ગાંધીએ પ્રેમ અને કરુણાની સમજ વર્ષોથી માનવ સમાજને આપી છે. પણ માનવ આ બાબતમાં સુધરવા તૈયાર જ નથી. તે માનવ ઈતિહાસની કરુણતા છે. ગાંધી અહીં ભૂલાયો છે.

ગાંધી નિર્વાણ દિને ભૂલાયેલા ગાંધીને જીવનમાં મૂર્તિમંત કરીએ.

આપણે રાજકિય સ્વાતંત્ર્ય મેળવ્યું છે પણ અંગ્રેજીપણા થી મુક્તિ મેળવી નથી.

સ્વતંત્ર ભારતમાં જ્યારે આપણા સ્વાર્થી હિતો જાળવવા અને મેળવવા હિંસાનો રાહ અપનાવીશું ત્યારથી આપણી સ્વતંત્રતા ખત્મ થઈ જશે.

# આરબ - ઈઝરાઈલ અને ગાંધી

- નારાયણ દેસાઈ

તાજેતરમાં આરબ - ઈઝરાઈલ યુદ્ધ તેની પરાકાષ્ઠાએ છે. વર્ષોથી ચાલી આવતી ધર્મ અને વિસ્તારવાદની લડાઈ અંગે નવેમ્બર ૧૯૩૮ માં ગાંધીજીએ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. આ વિચારોનું સંકલન જાણીતા ગાંધીવાદી લેખક અને વિચારક શ્રી નારાયણ દેસાઈએ તેમના પુસ્તક “મારું જીવન એ જ મારી વાણી” માં વિસ્તારથી રજૂ કર્યું છે. તેના કેટલાક અંશો અમે પ્રકાશિત કરીએ છીએ. ગાંધીજીના વિચારોથી જર્મનીના નાઝીઓ પણ છંછેડાયા હતા તો સામે પક્ષે યહૂદીઓએ પણ ગાંધી વિચારને હાસ્યસ્પદ ગણ્યો હતો. ગાંધીની શ્રદ્ધા, અહિંસા, પ્રેમ, સહચર્યમાં અડગ હતી.

આશા છે આ લેખ વાચકો માટે વિચાર પ્રેરક બની રહેશે.

- તંત્રી

‘યંગ ઈન્ડિયા’માં ૨૬-૧૧-૧૯૩૮ને દિને પ્રસિદ્ધ થયેલા ’યહૂદી પ્રશ્ન’ને મથાળે છપાયેલા લેખના મુખ્ય મુદ્દા આપણે પહેલા જોઈએ :

આ ઘણા મુશ્કેલ પ્રશ્ન વિશે મારા વિચારો જાહેર કરતા હું સહેજે જ અચકાવુ છું. છતાં તે પ્રગટ કરવાનું હું સાહસ કરું છું.

મારી સહાનુભૂતિ બધી યહૂદીઓ પ્રત્યે છે. મેં છેક દક્ષિણ આફ્રિકાના મારા દિવસોથી માંડીને તેમને નિકટપણે જાણ્યા છે. કેટલાક તો મારા જીવનભરના સાથી બની ગયા છે. આ મિત્રો પાસેથી તેમની કોમ ઉપર જમાનાઓથી વીતતા આવેલા વિતકો વિશે મેં ઘણું ખરું જાણેલું. ખ્રિસ્તી દુનિયાના અસ્પૃશ્યો તરીકે તેઓ ગણાતા આવ્યા છે. તેમના પ્રત્યેની ખ્રિસ્તીઓની અને અસ્પૃશ્યો પ્રત્યેની હિન્દુઓની વર્તણૂક વચ્ચે ઘણું સામ્ય છે. બેઉના ઉપર ગુજારવામાં આવતા અમાનુષપણાના ટેકામાં ખ્રિસ્તી -હિન્દી બેવ સમાજે ધર્મનો ટેકો લીધો છે. તેથી યહૂદીઓ પ્રત્યેની મારી સહાનુભૂતિ સારું યહૂદી મિત્રો જોડેની મારી મૈત્રી ઉપરાંત વધુ સામાન્ય તેમજ વ્યાપક કારણ મારી પાસે મોજુદ છે.

પણ મારી સહાનુભૂતિ મારી ન્યાય દૃષ્ટિને આંધળી કરે એમ નથી. યહૂદીઓને સારું રાષ્ટ્રીય વતનની માંગણી મારા અંતરને વિશેષ હલાવી નથી શકતી. આ માગણીના ટેકામાં બાઈબલનો આધાર ટાંકવામાં આવે છે અને યહૂદીઓ જે ચીવટથી પેલેસ્ટાઇનમાં આવીને વસવાટ કરવાની અબળખા સેવી રહ્યા છે. તેનો ઉપયોગ તેનું વાજબીપણું પુરવાર કરવા તરફ કરવામાં આવે છે. આ દુનિયાની બીજી કોમોની પેઠે યહૂદીઓ પણ તેઓ જ્યાં જન્મ્યા હોય અને રળી ખાતા હોય તે તે દેશને પોતાનું વતન કાં ન માને?

જે અર્થમાં ઈંગ્લેન્ડ અંગ્રેજોનું અને ફ્રાન્સ ફ્રેન્ચોનું છે તે જ અર્થમાં પેલેસ્ટાઇન આજે આરોબોનું છે. એ આરબોના માથા ઉપર આજે યહૂદીઓને નાખવા એ

ગેરવાજબી અને અમાનુષી છે. અત્યારે પેલેસ્ટાઇનમાં જે ચાલી રહ્યું છે. તેનું કોઈ પણ નીતિને કારણે સમર્થન થઈ શકે એમ નથી. મેન્ડેટો અપાયા છે તેની પાછળ છેલ્લા યુરોપીય મહાયુદ્ધ પછીના નિર્ણય ઉપરાંત બીજો કશો આધાર નથી. યહૂદીઓને તેમના રાષ્ટ્રીય વતનમાં પાછા આવીને ઓછેવત્તે અંશે વસવા મળે એટલા સારું સ્વાભિમાની આરબોને રંજાડવા એ માનવજાતિ સામે ગુનો કર્યા બરોબર છે. એથી ઉચ્ચતર માર્ગ તો એ છે કે યહૂદીઓ જે કોઈ દેશોમાં વસતા હોય અને જ્યાં જન્મીને મોટા થયા હોય તે દરેક દેશમાં તેમના પ્રત્યે ન્યાયનું વર્તન ચલાવવામાં આવે એવો આગ્રહ રાખવો...

પણ જર્મનીએ અત્યારે યહૂદીઓ ઉપર જે વીતાડવા માંડ્યું છે તેનો ઈતિહાસમાં જોટો જડે એમ લાગતું નથી. પુરાણકાળના સીતમગારો પણ આજે હિટલર પાગલ બન્યો જણાય છે તેટલા પાગલ કદી બન્યા ન હતા. એ તો ધાર્મિક ઝનૂનથી મંડ્યો છે. એક નવા સાંકડા રાષ્ટ્રવાદને એ પ્રસ્થાપિત કરી રહ્યો છે જેના ઓઠા નીચે છે ગમે તેવડા અમાનુષી અત્યાચાર પણ ભૂતદયા માં ખપે અને પ્રશંસા પામે... માનવ જાતિને નામે અને તેના હિતમાં જો કદી ક્યાંય ધર્મયુદ્ધ જેવી વસ્તુ વાજબી ઠરતી હોય, તો એક આખી કોમ ઉપર હાલ ગુજરી રહેલા આ કારમાં સીતમોને અટકાવવાની સારું તે પૂર્ણ વાજબી લખાય એમ મને લાગે છે. પણ હું તો કોઈપણ સ્થિતિમાં યુદ્ધના વાજબીપણાને માનતો નથી. તેથી આવા ધર્મયુદ્ધના સાધક બાધક પ્રમાણોની ચર્ચા કરવી એ મારા ક્ષેત્રની બહાર છે.

પણ અત્યારે યહૂદીઓ ઉપર આવા સીતમો વરસાવનાર જર્મનીની સામે યુદ્ધ પોકારવાનું પ્રયોજન કદાચ ન હોય તોય એની સાથે મૈત્રી કરવાને તો અવસર નથી જ.

જર્મની દુનિયાને દેખાડી રહ્યું છે કે જ્યારે નબળાઈને કે દંભને ભૂતદયાના વાઘા પહેરાવવાના નથી હોતા ત્યારે હિંસા કેટલું સંગીન કામ કરી આપી શકે છે. જર્મની એ પણ બતાવી રહેલ છે કે હિંસા એના નગ્ન સ્વરૂપમાં કેટલી બદસૂરત, ભયાનક અને વિકરાળ છે.

યહૂદીઓમાં આ સંગઠિત નફ્ફટ જુલમોનો સામનો કરવાની તાકાત છે? ... હું કહું છું કે છે. જે કોઈને પરમેશ્વરમાં આસ્થા છે. તેણે એવી નિઃશેષ અસહાયતા અનુભવવાની જરૂર નથી. યહૂદીઓનો ઇષ્ટદેવ જેહોવા ખ્રિસ્તી, મુસલમાન, હિન્દુઓના પ્રભુ કરતા પણ વધારે વત્સલ છે એમ મનાયું છે. જોકે ખરું જોતા એક જ અદ્વિતીય, અવર્ણનીય ઈશ્વર સર્વત્ર સામાન્યપણે વ્યાપી રહ્યો છે. તેમાંય યહૂદીઓ કે જેઓ પરમેશ્વરને સગુણ વ્યક્તિરૂપે અને તેમના એક એક કાર્યના શાસ્તા અને નિયંતા તરીકે માનનારા છે તેઓ સારું પોતાની લાચાર સ્થિતિમાં પડેલા સમજે? જો હું યહૂદી હોઉં અને જર્મનીમાં જન્મ્યો હોઉં... તો મોટામાં મોટા જર્મની જોડાજોડ ઉભો રહીને જર્મનીને મારા વતન તરીકે પોકારું અને ... મારો સરખો જ દાવો ગણાવું. પછી ભલે મને ગોળીથી વીંધી નાખવામાં આવે કે અંધારી કોટડીમાં મને ગોંધે. જર્મનીમાંથી મને હાંકી મૂકવાના અથવા મારી જોડે જુદો વર્તાવ કરવાના નિર્ણયને તાબે થવાની હું ના પાડું. આમ કરવામાં બીજા યહૂદીઓ મારા સવિનય વિરોધમાં ભળે છે કે નહીં એની રાહ જોવા પણ હું ન થોભુ. પણ એવી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શ્રદ્ધા રાખું કે અંતે બાકીના સૌ મારું અનુકરણ કરશે જ કરશે. જો એક અથવા બધા યહૂદીઓ મારો આ નુસખો સ્વીકારે તો તેને પરિણામે અત્યારે તેમના જે હાલ છે તેથી વધુ ભુંડા હાલ તો નથી જ થવાના એ દેખીતું છે. ઊલટું, માંગી લઈને બેઠેલા સ્વેચ્છાપૂર્વકના દુઃખસહનથી તેમનામાં એક અવનવા આંતરિકબળ તથા આનંદનો ઉદય થશે, જે જર્મની બહારની દુનિયાએ પસાર કરેલા ગમે તેટલા સહાનુભૂતિના ઠરાવોથી એને મળી શકશે નહીં...

દક્ષિણ આફ્રિકાના હિન્દી સત્યાગ્રહીઓની લડત એ એમને સારુ આબાદ દાખલો છે. યહૂદીઓ અત્યારે જર્મનીમાં ભોગવે છે તેવી જ આબેહૂબ હિન્દી ઓની દક્ષિણ આફ્રિકામાં સ્થિતી હતી. તેમના પર ગુજરેલા જુલમો પાછળ પણ ધાર્મિક ભાવનાનો અંશ હતો જ...

જર્મનીના યહૂદીઓ તો દક્ષિણ આફ્રિકાના હિન્દીઓ કરતા અનંતગણા વધુ ચડિયાતા આશરા હેઠળ સત્યાગ્રહ આદરી શકે એમ છે. જર્મનીમાં વસતા યહૂદીઓ એક સુસંગઠિત સંપીલી કોમ છે... તેઓ ઘણા વધુ બુદ્ધિચાતુર્યવાળા છે. દુનિયાનો પ્રજામત પણ તેમણે પોતાની પાછળ સંગઠિત કર્યો છે. મારી ખાતરી છે કે જો અત્યારે સાહસ અને દ્રષ્ટિ સાથે લડતમાં તેમને દોરનાર કોઈ વીરલો એમનામાં નીકળે તો જોતજોતામાં અત્યારની તેમની વિપન્નાવસ્થા આશા અને ઉમેદમાં ફેરવાઈ જાય...

બે શબ્દો પેલેસ્ટાઇનના યહૂદીઓ વિશે. એમણે ઊંધો રસ્તો પકડ્યો છે એ વિશે મને સંદેશ નથી. બાઈબલમાં વર્ણવેલ પેલેસ્ટાઇન ભૌગોલિક નથી, અંતરસૃષ્ટિનું છે. પણ જો તેમને ભૌગોલિક પેલેસ્ટાઇનમાં પોતાનું રાષ્ટ્રીય વતન જોઈતું હોય તો પણ અંગ્રેજી તોપોના રક્ષણ હેઠળ તેની સરહદમાં પેસવું એ અનુચિત છે. સંગીન અને બૉંબની મદદથી કશુંએ ધર્માચરણ કરી શકાય નહીં. આરોબોની જોડે ભાઈચારો સ્થાપીને જ તેઓ પેલેસ્ટાઇનમાં વસી શકશે. યહૂદીના હૃદયમંદિરમાં જે પ્રભુ વસે છે તે જ આરબના હૃદયસિંહાસન પર વિરાજમાન છે. આરોબોની સામે તેઓ જોઈએ તો સત્યાગ્રહ કરે અને આંગળી ઊંચી કર્યા વગર ભલે પોતે આરોબોને હાથે ગોળીઓથી વીંધાય કેમ મૃત સમુદ્રમાં ફેકાંય... જો એકવાર બ્રિટિશ સંગીનોનો આશરો તેઓ છોડે તો પછી આરબોને સમજાવવાના સેંકડો રસ્તા છે. અત્યારે તો યહૂદીઓ જે લોકોએ તેમનું કશું અનિષ્ટ નથી કર્યું. એવી આરબ પ્રજાને રોળવામાં બ્રિટિશ સલ્તનતના ભાગીદાર બની રહ્યા છે.

હું આરબોના જુલમાટનો બચાવ નથી કરી રહ્યો. હું તો ઈચ્છું કે જેને તેમણે પોતાના દેશ ઉપર નાહકનું આક્રમણ માન્યું છે તેનો સામનો તેઓ પણ અહિંસક માર્ગે કરે. પણ ન્યાય-અન્યાયના સામાન્ય ધોરણોએ તો આરબોએ જો અતિવિકટ સ્થિતિનો સામનો ફાવે તેમ કર્યો હોય તો તેની સારુ તેમનો બહુ વાંક કાઢી શકાય નહીં...

" દુનિયાની સભ્યતામાં આપેલા પોતાના અનેકવિધ ફાળામાં અહિંસક લડતની કળા શીખીને તેઓ પોતાનો સર્વોપરી ફાળો આપે."

- સાભાર

મારું જીવન એ જ મારી વાણી

નારાયણ દેસાઈ

# યુદ્ધનો અવેજ - ગાંધીદર્શનમાં

- મનસુખ સલ્લા

ભારતમાં પણ, ભારત અને પાકિસ્તાનમાં પણ, ખ્રિસ્તી ધર્મ પાળતા રાષ્ટ્રોમાં પણ, ઈસ્લામ ધર્મને અનુસરતા રાષ્ટ્રોમાં પણ, ભગવાનમાં ન માનનાર રશિયા - ચીન જેવા દેશોમાં પણ, યુદ્ધની હયાતી એક યા બીજા સ્વરૂપે નાના કે મોટા રૂપે સતત જોવા મળે છે.

એના ઉકેલરૂપે અનેક દેશો વિવિધ પ્રકારના શસ્ત્રઅસ્ત્ર શોધી - ખરીદી રહ્યા છે. હવે તો અતિ ભયાનક અણુશાસ્ત્રો ધરાવવાનું પણ ગુમાન લેવાય છે. આ ઘટના કેવળ સંપન્ન દેશોમાં જ ચાલે છે એમ નથી. એશિયા આફ્રિકાના અનેક દેશો સુખ સમૃદ્ધિ અને માનવીય ગુણવત્તાના વિકાસને બદલે લશ્કર અને તેના શસ્ત્રાસ્ત્રો પાછળ પોતાના બજેટનો ઘણો મોટો હિસ્સો ખર્ચી રહ્યા છે. આ જાણે રોજની ઘટના બની ગઈ છે અને એને જ રાષ્ટ્રપ્રેમ, ગૌરવ અને બદલો લઈ શકવાની ક્ષમતા માનવામાં આવે છે.

આ સઘળું સર્જ્યા પછી, મેળવ્યા પછી એનું ગુમાન અને ગૌરવ અનુભવ્યા પછી શાંતિનો, સુખનો, સૌહાર્દનો, સંવેદનનો અનુભવ થાય છે ખરો? તો જવાબ 'ના' માં આવે છે. આ એવો અગ્નિ છે જે દરરોજ નવી નવી આહુતિ માંગ્યા જ કરે છે. મનુષ્યના પ્રાણ રૂપે, સંપત્તિના વિનાશ રૂપે, હજારો કરોડ રૂપિયાનો ધુમાડો કરવા રૂપે. અત્યારે સ્થિતિ તો એવી દેખાય છે કે જાણે આ સિવાય કશો વિકલ્પ નથી. વીસમી સદીમાં બબ્બે મહા વિશ્વયુદ્ધો અનુભવ્યા પછી માણસના આ પૃથ્વી ઉપરના અસ્તિત્વ વિશે જ પાયાના પ્રશ્નો જાગ્યા છે.

કેટલાક સુખી દેશો પોતાની ભૂમિ ઉપર યુદ્ધ ન ખેલાય, પણ અન્ય દેશમાં યુદ્ધ થાય એવી ગોઠવણ કરે છે. કેમ જાણે પૃથ્વી, એનું બદલાતું હવામાન, એનું જોખમાતું વાતાવરણ અને સૌથી વધારે તો અણુશસ્ત્રોનો દરરોજ થતો વધારો, એ પોતાને કાંઈ અસર નહીં કરે એવો ભ્રમ પાળવામાં આવે છે. પરંતુ સમજવું જોઈએ કે આ સઘળી કાર્યવાહી હવે કોઈ એક દેશ પૂરતી મર્યાદિત નહીં રહે. એક ઘટના આસપાસના અને દૂરના પ્રદેશોને પણ અસર કરશે જ. ચેર્નોબિલ એનું ભયાનક દ્રષ્ટાંત છે. આગાહી તો એવી છે ૨૧૦૦ સુધીમાં પૃથ્વી ઉપરથી ૪૦૦ જેટલા મહા ગ્લેશિયર (જેનું કદ ૩૫-૪૦ કિલોમીટર જેટલું મોટું હોય છે તે) ઓગળી ગયા હશે.

તો આનો અવેજ (substitute) કોઈ આપે છે ખરું ? આ મૃત્યુનું પતંગ નૃત્ય છે એમ પારખનાર મહાત્મા ગાંધી હતા. અનેક દેશો યુદ્ધોન્માદમાં ભૂલી ગયા છે કે આ રસ્તો મૃત્યુનો છે. આપણે તો મહાત્મા ગાંધીને ભૂલી ગયા હોઈએ એ રીતે આજે વર્તી રહ્યા છીએ, પરંતુ બીજી કોઈ રીતે યુદ્ધનો અવેજ માનવ જાતને મળે એમ છે ખરો ?

ગાંધીજીનો માર્ગ આપણને કઠણ લાગે છે. અશક્ય આદર્શ જેવો લાગે છે. પરંતુ યુદ્ધને પરિણામે આપણને જે જીવન મળે છે તે આ જ કરતા એ આવતીકાલે વધુ દોજખ ભર્યું હોવાનું. આ હકીકતને માનવજાતે પારખવાની આજે અનિવાર્યતા છે. દુર્ભાગ્ય આજે વિશ્વનું નેતૃત્વ જેમના હાથમાં છે તેઓ યુદ્ધ માટે જાણે કે ઉતાવળા હોય તેવા છે. તેઓ હજુ વધુને વધુ મારક શસ્ત્રો વિકસાવવામાં, તેમણે પોતે જ 'ખમૈયા કરો' ના


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ભાવથી કરેલી સંધિઓ પણ તોડવા માટે (ટ્રમ્પ-પુટીન) ઉત્સુક જણાય છે.

માનવજાત એવા ક્રોસ રોડ ઉપર આવીને ઊભી રહી ગઈ છે કે હવે પસંદગી કર્યા વિના ચાલે તેમ નથી. આજ સુધી જગતે જે રીતે જીવવાનું ગોઠવ્યું એમાં પસ્તાયા, પછડાયા, ફાવ્યા, ફુલણજી બન્યા એનાથી મૂળભૂત પ્રશ્નો ઉકલ્યા નથી. આપણા અહંકાર, ઈર્ષા અને લોભમાં તો કશો ઘટાડો થયો નથી. યુદ્ધોને જન્મનારા આ ત્રણ મુખ્ય ભાવ છે, એનો અનુભવ જગત આખાએ લઈ લીધો છે.

ગાંધીજીને આદર અપાય છે પરંતુ તેમણે સૂચવેલી જીવનશૈલી સ્વીકાર્ય બનતી નથી. એટલે કેટલાક થીગડથાગળ પ્રયત્નો થાય છે, પરંતુ મૂળ સમસ્યા ઉકલતી નથી. ગાંધીજીએ સત્ય અને અહિંસાને જીવનના કેન્દ્રમાં સ્થાપ્યા. આજ સુધીની માનવજાતની ગતિને જોઈએ, વિશ્વ આખાના ઈતિહાસને એક નજરમાં જોઈએ, તો સંવેદનશીલતા, ભાઈચારો, પ્રેમ અને ક્ષમા જીવનના ધારક બળો છે એમ સમજાય છે. આર્નોલ્ડ ટોયમ્બીથી લઈને આજ સુધીના ઈતિહાસકારોનું વિશ્વ ઈતિહાસનું તારણ તો એ જ છે. પરંતુ માનવજાત હજુ વિકાસના એ પગથિયે માંડ પહોંચી છે કે તેને યુદ્ધ, હિંસા, અસત્ય, શોષણ વગેરે વધુ સ્વીકાર્ય લાગે છે. આની સાથે જ જગત જે પદ્ધતિએ જેવી રહ્યું છે, જે પ્રકારે સાધન-સુવિધા-શસ્ત્રોને જ બળ રૂપે જુએ છે તેની મર્યાદાઓ, વિકૃતિઓ અને અમાનવીયપણું સામે આવતા જાય છે. એટલે જગતભરના સંવેદનશીલ કલાકારો, પ્રબુદ્ધ વિચારકો અને સૃષ્ટિસંતુલનશાસ્ત્રીઓ ખતરાની ઘંટી બજાવતા રહે છે કે આ રસ્તો જીવનની ગુણવત્તા તરફ નથી જતો, મોતની ભયાવહતા તરફ જાય છે.

એટલે અમુક-તમુક દેશની, કોઈ અમુક ઘટનાને આધારે આજ સુધીની માનવીય સમસ્યાને પામી-પારખી નહીં શકાય. અહિંસક માર્ગે સ્વતંત્ર થયેલું ભારત પણ ગાંધીજીને લગભગ ભૂલીને પસંદગીઓ કરી રહ્યું છે, વર્તી રહ્યું છે. એટલે હવે પસંદગીઓ બદલવાનો સમય આવી પહોંચ્યો છે. માણસ જાતે ઉત્ક્રાંતિનું નવું અને ઊંચું પગલું ભરવાનો સમય પાકી ગયો છે. સૂત્રરૂપે એમ કહી શકાય કે “સહજીવન યા સર્વનાશ’ ની વચ્ચે પસંદગી કરવાની છે.

ગાંધીજીનું દર્શન પ્રકાશનો પંથ દર્શાવે છે. કારણ કે તેઓ એવી જીવન પદ્ધતિ દર્શાવે છે જેમાં હિંસા, અસત્ય અને શોષણનો અવેજ છે. આ વિકલ્પ કેવળ ભારત માટે જ નથી, સમગ્ર માનવજાત માટે છે. હવે પ્રશ્નો પ્રમાણમાં સહિયારા બન્યા છે, તો ઉપાયો પણ સહિયારા હોવા જોઈશે.

ગાંધીજીમાં યુદ્ધના વિકલ્પ જેવા તત્વો કયા છે એ પારખીયે તો માનવી ઉત્ક્રાંતિની નવી દિશા સ્પષ્ટ થાય :

(૧) બજારવાદી પોષેલી- પ્રસારેલી માન્યતા “વધુને વધુ પેદા કરો, વાપરો” હવે પૃથ્વી વધુ ખમી શકે એમ નથી. એટલે સ્વૈચ્છિક સંયમ અને વૈશ્વિક દ્રષ્ટિએ અનિવાર્ય બનશે. હું એક લોટો પાણી બગાડું છું તો કેવળ મારા સ્થાન, શહેર કે રાજ્યનું નહીં, પરંતુ પૃથ્વીનું એક લોટો પાણી બગાડું છું એ સમજવું આજની અનિવાર્યતા બન્યું છે. એ સ્થિતિમાં આપણે મૂકાઈ ગયા છીએ. કવિ જોન બડને કહ્યું હતું કે, “આ પૃથ્વીના કોઈપણ ખૂણેથી માટીનું એક ઢેફુ સમુદ્રમાં ખરી પડે તો એની ખોટ આખી પૃથ્વીને છે.” એ ભાવ ગાંધીજીમાંથી સમજાશે. આ સમજવું અઘરું બને છે, કારણકે આજે પ્રવાહ એથી ઊલટો છે. પરંતુ હવે વધારે તકો નથી એ પણ સ્પષ્ટ છે.

(૨) બીજાની કાંધ પર બેસીને ખાવાની માણસની મનોવૃત્તિનું લિયો ટોલ્સટોય "ત્યારે કરીશું શું ?" પુસ્તકમાં વેધક વર્ણન કર્યું છે. આજનું જગત એક તરફ દોડી રહ્યું છે. આ વૃત્તિ જ હિંસાની જનક છે. એટલે સોક્રેટિસે કહેલું કે, 'જાંડા લુગડાં સાદો ખોરાક અને સહજ મળતો આનંદથી વધારેની અપેક્ષા રાખો એટલે યુદ્ધ આવે જ.' આ કેવળ વસ્તુના ઉપભોગનો પ્રશ્ન નથી, માનવીય સંબંધોનો પ્રશ્ન છે. બીજાને છેતરીને, ગુલામ રાખીને, મજબૂર કરીને, તેની મહેનતના ફળ કેવળ પોતાને જ મળે એ મનોવૃત્તિ યુદ્ધને જન્માવે છે. એટલે ગાંધીજીએ પરિશ્રમના જીવનને સાચું યજ્ઞમય જીવન ગણાવ્યું. સ્વાવલંબન ઉપર ભાર મૂક્યો. આ કંઈ જીવનનું સુકવવણું કરવાની પરપીડનવૃત્તિ નથી. પરંતુ આખી સૃષ્ટિનો સંદર્ભ સામે રાખીને જીવવાની સમજ છે.

(૩) આત્મબળ એ જ ખરું બળ છે એ ગાંધીજીનું આપણને ઝટ ન સમજાતું દર્શન છે. કારણકે આપણે આત્મબળને પારખવાની મથામણ કરી નથી. મહાન સંસ્કૃતિના વારસદાર હોવાની વાતો કરવા સુધી જ આપણે આગળ વધ્યા છીએ. એટલે શરીર સાથે જોડાયેલા સુખો અને બળો આગળ અટકી ગયા છીએ. સ્થૂળતા, સાંકડાપણું અને સ્વકેન્દ્રિતતામાંથી બહાર નીકળીએ તો જ આત્મબળનો અનુભવ થાય. ગાંધીજી આત્મબળનો અનુભવ કરી શક્યા હતા અને ભારતીય પ્રજાને તેમણે એ માર્ગે ચાલવા પ્રેરી હતી. ભારતના લાખો સાક્ષર અને નિરક્ષર એનો અનુભવ કરી શક્યા હતા. આ માર્ગે જો લાખો નિરક્ષરો - સામાન્યજનો ચાલી શક્યા તો એ સાચો, શક્ય અને કલ્યાણનો માર્ગ છે. આ માર્ગ માનવીય ઉત્થાનનું ઉચ્ચ પગલું છે. નવી સંસ્કૃતિનું સૂચક કિરણ છે.

પૃથ્વી ઉપરના તમામ જીવ કરતાં મનુષ્ય જુદો પડ્યો છે તે આત્મબળના અનુભવને કારણે. ભલે તમામ મનુષ્યો એ માટે જાગૃત નથી. પણ ઓછામાં ઓછા દસ હજાર વર્ષના માવજતના ઈતિહાસમાંથી સૂચવાય છે કે આત્મબળ જ શ્રેષ્ઠ માર્ગ છે. માનવીની બંધન મુક્તિનો આ માર્ગ છે. ગાંધીજી અત્યારે ભુલાઈ ગયા હોય એમ પણ લાગે, પણ ભુલાશે નહીં. શસ્ત્રોની સંહારકતા, પર્યાવરણની દાહકતા, સાચી રીતે નહીં જીવવાની, કેવળ ટકી રહેવાની જરૂરમાંથી માણસ આખરે પાછો વળશે ત્યારે તેને ગાંધી માર્ગની યથાર્થતા સમજાશે. એ અર્થમાં સમગ્ર ભારતીય પરંપરા અને તેના ઉત્તમ તત્વોના શ્રેષ્ઠ પ્રતિનિધિ તરીકે ગાંધીજીને જોવાશે.

(૪) મનુષ્યમાંથી અહંકાર, ઈર્ષા અને લોભ સંપૂર્ણપણે દૂર નહીં થાય ત્યાં સુધી પ્રશ્નોના ઉકેલના મુદ્દાઓ રહેવાના જ. મનુષ્ય ઘેરાયેલો હોય ત્યારે આત્મબળ સિવાયના માર્ગો લેવાનું જ વિચારે. પરંતુ એ માર્ગની નિરર્થકતા સમજ્યા પછી માણસ ખોટા નિર્ણય (પગલાં, કાયદા)નો વિરોધ કરશે. પરંતુ એવા નિર્ણયો કરનાર વ્યક્તિનું/ વ્યક્તિઓનું દ્રષ્ટિ પરિવર્તન થાય, હૃદય પરિવર્તન થાય એ માટે, જાતે સહન કરીને, કોઈ પ્રકારનો દુર્ભાવ રાખ્યા વિના, સતત મથામણ કરશે. આ માર્ગ ગાંધીજીનો છે. સત્ય અને અહિંસાનો છે.

વૈશ્વિક ભૂમિકા ઉપર આજે ભલે આ બધું અશક્ય લાગે. અણુશસ્ત્રો સામે આત્મબળ કેટલાકને વામણું લાગે, પરંતુ ગાંધીજી તો કહેવાના કે, "અણુશસ્ત્રો બનાવવાનું અને ફેંકવાનો નિર્ણય કરનાર તો માણસ જ હોવાનો. હું એ માણસના હૃદય સુધી પહોંચીશ."

આ માર્ગ કેવળ વ્યક્તિગત રીતે જ સફળ નથી, સમૂહ માટે પણ સફળ છે. અમેરિકામાં કાળા-ગોરાના

(અનુસંધાન પૃષ્ઠ ૨૧ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સમજણનાં સાધક
# શ્રી જશીબેન નાયક

-ઈશ્વરભાઈ પરમાર

ઘરમાં આવતા જ પિતાએ ઘેરો-મીઠો સાદ કર્યો : “સાંભળો છો ને બંને બાળકો? ઘરમાં જ છો, એમ ને? તમને ખબર છે કે ગામમાં અને ગામની બહાર મલેરિયાનો રોગ ફાટી નીકળ્યો છે. કોઈ-કોઈ ઘરમાં તો દવા કે પાણી પાવા કોઈ સાજું નથી. આથી ગામના દાક્તરોએ આ આફતને પહોંચી વળવા એક સ્વયંસેવક દળ રચવા ધાર્યું છે, તેમાં તમને જોડાવું ગમે ?”

કિશોરવયના પુત્રી-પુત્ર બંનેએ તાળી પાડીને કૂદકો મારતા કહ્યું : “અમે તો ચોક્કસ ચોક્કસ જોડાવાના !”

“પણ ઝાડો, પેશાબ, ઊલટી - બધું જ સાફ કરવું પડશે હો”

“બધું જ અમે કરીશું. તમે ચુપકીદીથી જોઈજજો ને !”

આ વાત સાંભળી બા બોલી ઉઠ્યા : “ આ છોકરાઓ એવું બધું કેમ કરશે? તેઓ જો તાવમાં ઝડપાઈ જશે તો ? તમે જીવન પર યાહોમ કરીને કુદતા જ રહ્યા !”

“લોકો ઉપર આફત આવી પડી હોય ત્યારે બાળકો મદદ ન કરે તો પછી તેઓ આફતોને સમજી જ શી રીતે શકે? તમે પણ મારી સાથે બે’ક કલાક રાતે દર્દીઓની સેવા માટે આવો !”

પછી તો સ્વયંસેવક કિશોર-કિશોરીએ બે દિ’ પછી ઘરમાં માહિતી આપી : “બા-બા, દર્દીઓને ઉલટીઓ બહુ થાય છે ! દાક્તરો કહે છે કે ઉલટી નું કારણ કવિનાઈન છે. એ દવા ઉપર દર્દીઓને દૂધ મળવું જોઈએ.”

“આજથી મારા ભાગનું દૂધ દર્દી માટે લેતા જજો.” બાના આ સૂરમાં સૂર ભેળવીને પિતાએ પણ પોતાના ભાગનું દૂધ દર્દીઓ માટે લઈ જવા કહ્યું. સ્વયંસેવકોએ તો એ નિર્ણય લઈને પછી જ પેલી વાત કરેલી !

સંતાનોમાં માનવતાના સંસ્કારો રેડવા જાગૃત અને તત્પર પિતા તે ગુજરાતના ક્રાંતિકારી કેળવણીકાર શ્રી હરભાઈ દુર્લભજી ત્રિવેદી. તેઓ કહેતાં : “મારો ધર્મ તો માણસાઈભર્યા જીવનમાં સમાઈ જાય છે.” હા, માતા સંતોક બહેનને હોમ-હવન, કથા-યાત્રા ને દાન-પુણ્ય કરવાની સ્વતંત્રતા ખરી જ. અને પુત્ર હોય કે પુત્રી, બેટા બેટી એક સમાન. આવા સમભાવથી ઉછરેલ સંતાનોમાં યશોધરા કહો કે યશસ્વતી કહો, એમણે આગળ જતા પંડના પગે, પિતાના પંથે, પતિના સંગાથે વિદ્યાક્ષેત્રે વિરલયાત્રા કરીને, અનેક વિદ્યાર્થીઓના વિસામારૂપ બનીને તેમનામાં તાજપ ને ઉમંગ રેડ્યા કર્યા અને સુશ્રી જશીબહેન નાયકના નામે ગુજરાતના શિક્ષણ જગતમાં યશસ્વતી સન્નારી સિદ્ધ થયા. પરિવારનો સંસ્કાર વારસો અને દક્ષિણામૂર્તિ ભાવનગરનું વિદ્યામય વાતાવરણ - આવી મોંઘેરી મૂડી ધરાવનાર બાલિકા આગળ જતા અનેકાનેક વિદ્યાર્થીઓમાં મૂડી વહેંચી - વહેંચીને યશવંતી થાય તેમાં શી નવાઈ?

એમની જન્મ તારીખ ૧૮-૧૧-૧૯૧૮. ઉછેર ભાવનગરની સાદી છતાં ભવ્ય સંસ્થા દક્ષિણામૂર્તિ સંકુલમાં. સંસ્થાના બધા જ પરિવારો વિશાળ પરિવારની ભાવનાથી રહેતા. છાત્રાલયના બાળકો પણ તેમાં ભળી જતા વાનરસેના થતી વિરાટ ! હોળી હોય કે દિવાળી, ધખતો બપોર હોય કે ઘેરાતી સાંજ, હરભાઈ નામના વિશાળ વડલાની છાયામાં ટણકટોળી ગાજ્યા કરતી અને અનાયાસ પર-સેવા માટે પરસેવાનો મંત્ર પચાવતી જતી !

આવો મૂલ્યવાન જીવનમંત્ર બચપણમાં મુક્ત અને મમતાભર્યા ઉછેર વિના કેમ હૃદયસ્થ થવા પામે ? બાળકીને મુક્તિ અને મમતા આપવાના હિમાયતી ગિજુભાઈ બધેકા દ્વારા સંચાલિત બાલમંદિરમાં કેળવાયેલ જશીને વરસાદી ગાજ વખતે ગીતો ગાવાં ખૂબ ગમતાં, પણ ઝળહળ વીજનો ડર એવો જ સતાવે !

એકવાર તો 'મુછાળી મા' ગિજુભાઈએ આનંદ-ગાજ અને વીજ-મૂંઝ એકસાથે બાળકીને આપી : "વ્હાલાં બાળકો! તમારી મંડળીમાં સૌનું ભણતર આજથી પૂરું થયું. તમે સૌ હવે વિનયમંદિરમાં ભણવા જશો ત્યાં હરભાઈ તમારા આચાર્ય થશે."

વ્હાલું બાલમંદિર છોડવાની વીજ-ઝબકાર જેવી મૂંઝવણ અને હવે તો મોટા થઈ ગયાના રોમાંચનો ગાજ બાલિકા જશીમાં વારંવાર અજંપો જગાડતો રહ્યો. માંડ સાંજ પડી !

હરભાઈ - પરિવારમાં સાંજે વાળુ સૌ સંગાથે જ કરે. સંતાનોમાં વહાલથી 'નાનાઈ' કહેવાતા હરભાઈ અલકમલકની ને ઉપયોગી વાતો કહે, એટલું જ નહીં, નાનેરાં પણ મન ઠાલવે. જમતાં - જમતાં જશી કહે : "નાનાઈ ! અમે હવે તમારી સ્કૂલમાં ભણવા આવવાનાં. શું અમે મોટ્ટાબધ્ધા થઈ ગયા કહેવાઈએ ? હવે અમે થોડાક તો મોટાં ખરાં જ ને? એટલે અમે મોટી શાળામાં આવવાના !"

" વિનયમંદિરમાં બીજા તમારાથી મોટા વિદ્યાર્થીઓ પણ હશે." પિતાજીએ શાળા અંગે ભૂમિકા બાંધવા માંડી.

"હેં નાનાઈ! અમે જ્યારે તમારી સ્કૂલમાં આવીશું ત્યારે તમે ઘરે છો એવા જ 'નાનાઈ' હશો કે બની જશો મોટા આચાર્ય ?"

આ સવાલનો અસલ જવાબ તો બીજે દિવસે વિનયમંદિરમાં મળ્યો. પ્રથમ સત્રના આરંભે વિશાળ પ્રાર્થના ખંડમાં વિદ્યાર્થીઓ ગોઠવાઈ ગયા હતા. થોડી ઊંચી બાજઠ પર શ્વેતવસ્ત્રધારી આચાર્ય હરભાઈ બેઠા હતા. નવા વિદ્યાર્થિની જશી એમને અપલક નિરખી રહી હતી : કેવા છે નાનાઈ ! ઘરમાં હોય તેવા જ અહીં વહાલા લાગે છે સૌની સંગાથે ! તેઓ જાણે મારા જ નહીં, સૌના નાનાઈ છે !

પ્રાર્થના-ગીત ગવાયું : "સબસે ઊંચી પ્રેમસગાઈ !" આ સૂરના તેજમાં જશી ને પોતાના પિતામાં ગુરુની ઝાંખી થઈ. પોતાની દુનિયાનો એક નવીન દરવાજો જાણે ખૂલ્યો. આચાર્ય હરભાઈ સંબોધન કરતા હતા :

"દોસ્તો, અહીં તમને કોઈ ભણાવશે નહીં, તમારે જાતે ભણવાનું છે. તમારે જે ભણવું હોય તે દરેક વિષયનો સ્વાધ્યાય તમે નિયમિત પૂરો કરશો તે પછી તમારે પરીક્ષા આપવાની રહેશે નહીં. વિષયશિક્ષકો વર્ગમાં જ હશે તેમને તમારી મુશ્કેલી પૂછી શકશો. બીજી કોઈ મૂંઝવણ થાય તો મારી પાસે દોડી આવજો."

તે સમયમાં વિનયમંદિરમાં પાર્કહસ્ટની શિક્ષણની ડાલ્ટન યોજનાનો પ્રયોગ અમલમાં હતો. આમ તો મૂળ યોજનાનું જરૂરી ભારતીયકરણ કરવામાં આવ્યું હતું. બાળકોનાં મનમાં તો પેલી હૈયાધારણા ગુંજ્યા કરતી : "કોઈ મૂંઝવણ હોય તો મારી પાસે દોડી આવજો."

પણ શાળામાં મૂંઝવણ જેવું છે શું ? નથી ગોખવાના અંક કે સ્પેલિંગ કે નથી ગોખવાની વ્યાકરણની વ્યાખ્યાઓ. દરેક વસ્તુ કે વ્યક્તિની ગુણવત્તાને ઓળખવા વધારાના ગુણ કે અવગુણવાચક શબ્દો વપરાતા હોય છે. બસ, આટલું સમજ્યા પછી વિશેષણની વ્યાખ્યા ગોખવાની શી જરૂર ?

કન્યા-કુમાર એક સમાન. સૌ હળે મળે. સ્વતંત્રતા અને સહકારભર્યા વાતાવરણમાં સ્વાધ્યાયના સથવારે જશીમાં સ્વયંસૂઝ વિકસવા માંડી ને બારમા વર્ષે બહેન સાતમા ધોરણમાં પાસ થયાં. (૧૯૩૦)

વેકેશનની નિરાંતમાં એણે ભાઈનાં લેંઘો ને બાંડ્યું પહેરીને હાથે લીધી સાઈકલ. એ વાહન ચલાવતાં તો આવડવું જ જોઈએ ને ! પણ પુત્રીને એમ બહાર જતી જોઈને બા કહે : "વાહ રે દીકરી ! છોકરાનાં કપડા ને હાથમાં સાઈકલ ક્યાં ઊપડ્યા ?"

"સાઈકલ શીખવા જઉં છું, બા !"

બાનો મનાઈ હુકમ બહાર પડે તે પહેલા પિતા હરભાઈ કહે : "જા બેટા ! તું તારે ઉપડ દોસ્તો તારી રાહ જોઈ રહ્યા હશે. ભલેને જતી."

"તમે છયે છોકરાઓને વધુ પડતી છૂટ આપો છો, હોં"

"કેમ? ક્યાંય આપણા છોકરા માટે ફરિયાદ આવી છે? બાળકોના વિકાસ માટે પૂરતી છૂટ તો આપવી જ જોઈએ ને ?"

"ફરિયાદ તો કોઈની નથી, પણ મર્યાદામાં રહે તો સારું."

આમ તો વિનયમંદિરના માધ્યમિક વિભાગનેય ક્યાં મર્યાદા હતી? ન સાંકડું સમયપત્રક ને ન નિયત તાસ ! નો હોમવર્ક એન્ડ નો એકઝામ ! જશી ઈતિહાસના ખંડમાં ને ત્યાંના સ્વાધ્યાયમાં ખોવાઈ જાય તો આખો દી' અકબર કે અહલ્યાબાઈને અર્પણ ! આ વિદ્યાર્થી કાળથી એને એવી હંમેશની ટેવ પડી કે જે બાબતે રસ કે જરૂર પડે તે અંગેના પુસ્તકો મેળવવા ને વાંચવા. પિતાની આ પ્રયોગશીલ શાળામાં શિક્ષણ મળતું, પણ કોલેજમાં પ્રવેશપાત્ર અધિકૃત પ્રમાણપત્ર ન મળતું, આથી શહેરની પરંપરિત કન્યાશાળામાં જઈને મેટ્રિક માટે ભણવા માંડ્યું.

આ શાળાના શિક્ષકોને થયું કે નવી છોકરી કદી મેટ્રિક પાસ નહીં થાય, એની અભ્યાસ પદ્ધતિ જ બગડી ગઈ છે ! પખવાડિયાની ગડમથલ પછી જશીએ પરંપરિત પદ્ધતિ સમજી લીધી. આમ છતાં શાળા અભ્યાસ તત્કાળતો સરાણે ન ચડ્યો, કારણકે તે વખતમાં ચાલતા રાષ્ટ્રીય આંદોલને તેને પ્રભાતફેરી ને સરઘસ સભામાં જોડાવા પ્રેરી. ખાદી પ્રચારમાં પણ સક્રિય. 'વાહ મારી ખાદી ! ઉનાળે ઠંડક આપે, શિયાળે ગરમી આપે, ચોમાસે આરામ !' વર્ષના અંતે (૧૯૩૪) જશી મેટ્રિક પાસ થતાં શિક્ષકોને થયું કે તેને મૂલવવામાં થયેલી તો ઉતાવળ !

ઉચ્ચ શિક્ષણ માટે જશીબહેને ગમે તે કારણે અમદાવાદનો આગ્રહ રાખ્યો. ગામ બહાર ભણવા જવા માટે ખર્ચની મૂંઝવણ થઈ, કારણ કે પિતાજી હરભાઈ વિનયમંદિરના આચાર્ય ખરા, પણ સંસ્થાના સ્વયંસેવક કાર્યકરનો કુલ પગાર રૂપિયા ત્રીસ! છેવટે કોઈ કંપનીમાં કામ કરતાં પોતાના કાકા અને પિતાના મિત્રની સહાયથી મહિને બાર-પંદર રૂપિયા મળે તેવી જોગવાઈ થઈ શકી.

અમદાવાદની કોલેજમાં જોડાયેલ જશીએ સાયકલ ખરીદી અને 'અર્ન ઍન્ડ લર્ન' ના સિદ્ધાંતનો શક્ય અમલ કરવા ટ્યુશન્સ કરવા માંડ્યા. આથી મહિને આઠ રૂપિયાની એક્સ્ટ્રા ઈન્કમ થવા માંડી ! સંગીત શોખને પૂષવા એણે ગ્રામોફોન વસાવવાનો મેળ કર્યો અને પંકજ મલિક, સાયગલ, ઓમકારનાથ, અબ્દુલ કરીમ ખાન અને રવીન્દ્રસંગીતના સૂરોની મજા માણવા માંડી. બે વર્ષ અમદાવાદ અને છેલ્લું વર્ષ મુંબઈમાં ભણીને જશીબહેન સ્નાતક થયા (૧૯૩૮).

આ સમયે રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લેતા રહેતા જશીબહેનના ચિત્તમાં છેક બચપણથી જ શિક્ષિકા થવાના અરમાન ઊગી ચૂક્યા હતા. ભાવનગર ખાતેની પિતાની નવી શરૂ થયેલ સંસ્થા ઘરશાળા દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રવેશવાનું એમના માટે ક્યાં મુશ્કેલ હતું ? ને ગુરુ પિતાના શૈક્ષણિક આદર્શો એમને ક્યાં અજાણ્યા હતા?

"પિતાની સંસ્થામાં તો કામ મળે જ ને?" લોકોની એવી સંભવિત ટકોર સાંભળવા જશીબહેન તૈયાર જ ન હતા. બીજે કામ મેળવી શકવાની યોગ્યતા પુરવાર કર્યા પછી જ ઘરશાળામાં અવાય તે ઉચિત લેખાય. આથી એમણે નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં એક વર્ષ (૧૯૪૦-૪૧) શિક્ષિકા તરીકે સેવા બજાવી. અહીં તરુણીને શીખવાની તો મજા પડી, પરંતુ તેની તુલનામાં પિતાની સંસ્થામાંથી મુક્ત શિસ્ત, ગાંધી- ઠાકુરના વિચારોનું સંયોજન અને પ્રયોગપ્રેમ વધુ આકર્ષક લાગ્યા. આથી ભાવનગર આવીને 'ઘરશાળા'માં ત્રણ વર્ષ (૧૯૪૧-૪૪) વિનયમંદિરમાં ખંડ સમય માટે આપી અને ખંડ સમય ખાદી અને ગાંધી વિચારની પ્રચારપ્રવૃતિ કરી.

ગયા વર્ષથી ઘરશાળાના આચાર્યપદની જવાબદારી ડોક્ટર રઘુભાઈ નાયકે સંભાળી હતી. જર્મનીથી ઉચ્ચ પદવી મેળવીને વડોદરા મુંબઈ જેવા શહેરોમાં મબલખ પગાર સાથે ગોઠવાઈ જવાને બદલે એમણે મામૂલી પગાર સાથે ભાવનગરની 'ઘરશાળા'માં જોડાવાનું પસંદ કર્યું હતું.

ક્રાંતિકારી કેળવણીકાર હરભાઈ તેમને શિક્ષણક્ષેત્રના ગુરુસમાન અનુભવાતા હતા. એમના આદર્શોને ચીવટ અને દ્રઢતા સાથે અમલમાં મૂકી બતાવતા. સમર્થ આચાર્ય રઘુભાઈ સાથે જશીબહેન વિશેષ પરિચયમાં આવ્યા. બંનેની જીવનભાવના એકમેકને પૂરક થતી અનુભવવા માંડી. આથી સહવિચારણા થવી સહજ હતી. એ દેખીને માતાએ ટકોર કરી:

"આ તમારી મોટી દીકરી હમણાં કંઈ રઘુભાઈ સાથે બહુ હરે ફરે છે? ધ્યાન રાખજો"

પિતાનું સસ્મિત ઉત્તર : "સાચું શું છે ખોટું શું છે એ વાત બાળકોને જીવનને સ્પર્શતા દરેક પ્રશ્ન પર સમજાવતો રહ્યો છું. હવે જીવનસાથી પસંદ કરવામાં તેઓને સંપૂર્ણ સ્વતંત્રતા છે. મને વિશ્વાસ છે કે તેઓ સમજણપૂર્વક જ પસંદગી કરશે."

પિતા હરભાઈ ઘરે પહોંચ્યા ત્યારે ત્યાં હાજર રઘુભાઈએ નિખાલસપણે કહ્યું : "હરભાઈ ! મેં અને જશીબહેને લગ્ન કરવાનું નક્કી કર્યું છે. તમારા આશીર્વાદ જોઈએ."

હરભાઈએ આ પ્રસ્તાવ સાનંદ વધાવી લીધો. જ્ઞાતિજનોના વિરોધને દાદ ન આપી, એટલું જ નહીં, રઘુભાઈના આગ્રહ મુજબ લગ્નવિધિ પણ સાદાઈથી કરાવી. પરિવારના આત્મીય જન બચુભાઈ પુરોહિત બન્યા, મૂળશંકરભાઈએ સંગીત દ્વારા પ્રેમસગાઈનો સંદેશ આપ્યો. આસોપાલવના તોરણો બંધાયા અને જમણવારમાં આઈસ્ક્રીમ ઓન્લી !

રઘુભાઈએ અવલોક્યું! હવે અને હજુ પણ જો જશીબહેન ભાવનગરમાં જ રહેશે તો દક્ષિણામૂર્તિની દીકરી જશી કદી પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવી શકશે નહીં. એમણે બચુભાઈને કહ્યું પણ ખરું : "આઈ-વોન્ટ જશીબેન ટું બી અ પરફેક્ટ, ફુલ્લી ગ્રોન-અપ વુમન વિથ હર ઓન ઈન્ડિવજ્યુઆલીટી."

સાથોસાથ રઘુભાઈ ભાવનગરના દેશી રજવાડાના લાચાર વાતાવરણથી બહાર નીકળી જઈને ગરીબ વસ્તી વચ્ચે જઈને શિક્ષણ કાર્ય કરવા વિચાર્યા કરતા હતા. આ માટે ।યોગ્ય અને અનુકૂળ સ્થળની શોધ માટે નાના મોટા પ્રયસ અને મુલાકાત કરતા રહેતા હતા. આ નવીન પ્રયાણ પ્રયાસની જાણ ન તો પત્ની જશીબેનને હતી કે ન ગુરુ હરભાઈને !

એક સાંજે રઘુભાઈ જૂની સાઇકલ પર બેસીને શાળાએથી ઘરે આવ્યા. ચા પીતા પીતા જશીબહેનને કહે : "કાલે આપણે અમદાવાદ જઈએ છીએ."

"પણ કેમ ? તમે તો હમણાં જ જઈને આવ્યા ને? ફરી પાછું શા માટે જવું છે?"

"આ વખતે બંને સાથે જવાનું છે. ચાલો તો ખરા, દર વખતે કંઈ એકલા જવાય?"

બીજા દિવસે બંને નાનકડા પુત્ર પ્રશાંતને લઈને અમદાવાદ ગયા. કાળુપુર રેલવે સ્ટેશનની પાછળના ભાગમાં અમદાવાદના પૂર્વ વિસ્તાર તરફ ગયા. ધક્તી બપોર, ૧૦૦ વર્ષ જૂની મિલના કમ્પાઉન્ડમાં ઊભા રહ્યા. ચારે તરફ ગંદકી ફેલાયેલી હતી. જશીબહેને પુત્ર પ્રશાંતને સખત ગરમીથી બચાવવા સાડીને છેડો ઓઢાડ્યો.

મિલ કમ્પાઉન્ડના જૂના ગોડાઉનમાં ઓરડાઓની સામેના ભાગમાં આવેલા ઓરડા તરફ આંગળી ચીંધીને રઘુભાઈએ કહ્યું : "આ શાળા બરાબર ચાલતી ન હોવાથી કેળવણીખાતુ તે બંધ કરવા વિચારી રહ્યું છે."

શાળાના મકાનની બેડોળ દીવાલો બપોરના સમયે વધુ બીકાવળ લાગતી હતી. જશીબેન સ્તબ્ધ થઈ ગયા હતા. થોડીવાર પછી કહે : "આવી શાળા સરકાર બંધ કરવા કહે તે સ્વાભાવિક છે."

"આપણે આ બંધ થતી શાળાને સંભાળી લઈએ તો? આપણે અહીંના ગરીબ બાળકોનું ભાવ ઊજળું કરીએ તો કેવું સારું !"

સ્વસ્થ રઘુભાઈને અસ્વસ્થતા અનુભવતા જશીબહેન કશો પ્રતિભાવ આપી ન શક્યા. બીજા દિવસે અમદાવાદથી ભાવનગર તરફ જતી આ ગાડીમાં રઘુભાઈ એ પેલી વાત આગળ ચલાવી : "આપણે જે શાળા જોઈ એ સરસપુર જેવા લતામાં કોઈ ભાગ્ય જ કામ કરવા આવે એટલે મારા મનમાં એક વિચાર આવે છે કે આ શાળા બંધ ન થાય; અને તે બંધ તો જ ન થાય જો આપણે એનું સંચાલન હાથમાં લઈએ આવા નિર્ણય પર આવતાં પહેલાં આ બધું જોવા માટે તમને હું સરસપુર લઈ ગયો હતો."

જશીબહેન મનોમંથનમાં પડ્યા : ભાવનગર ઘરશાળામાં કામ કરવું હવે કેટલું સરળ થતું આવ્યું છે. સુખી અને સંપન્ન પરિવારના બાળકોને આગળ લાવવાનું સહેલું પડે છે. ઘરશાળાનું આચાર્યપદ પ્રતિષ્ઠા આપનારું છે. પિયરની હૂંફ. અમદાવાદ જઈએ તો નાનાઈને - હરભાઈને ખેદ ન થાય? પુત્ર પ્રશાંતને નાનીમાની હુંફ નહીં મળે.

તેમનાથી બોલાઈ ગયું : "દાદીમાની છાયા આ દીકરાને નહીં મળે !"

"મને લાગે છે કે તમને ગરીબાઈવાળા સરસપુર જેવા લત્તામાં કામ કરવું ઘણું અઘરું લાગે છે. ખરું ને? તમને એમ લાગે છે કે પ્રશાંતને દાદીમાની મીઠીછાયા નહીં મળે. અહીં તો દાદી હોવા છતાં દાદીના પ્રેમથી વંચિત કેટલાય પ્રશાંતો વસે છે, જેઓ અકાળે કામે લાગી જાય છે. એમને આપણે આપણી છાયા ન આપી શકીએ? તમે હિંમત કરો. કામ મુશ્કેલ જરૂર છે, પણ આપણી બંનેની હિંમત સાથે હોય તો દરેક મુશ્કેલી સહેલી બની જશે."

"પણ મને તો આ લત્તામાં કામ કરવું મુશ્કેલ લાગે છે."

"તો શું આ લત્તામાં કામ કરવું તમને નહીં જ ગમે?"

"શિક્ષણનું કામ તો મને ગમે છે. એ ક્ષેત્રમાં જ મારે કામ કરવું છે.પણ"

"પણ આ લત્તામાં તમને શિક્ષણનું કામ નથી ગમતું, એમ ને? શિક્ષણ માટે લત્તો ન જોવાય. લત્તો જોઈને શિક્ષણ અપાય. મારા અંતરની ઈચ્છા તો અહીં જ કામ કરવાની છે."

"પરંતુ આવી બંધ પડતી શાળાને રસ્તા પર લાવવાને બદલે બીજી નવી શાળા શરૂ કરીએ તો?"

"બગડેલું હોય એને ફેંકી દેવું બહુ સહેલું છે, પણ એને સાજું કરીને પાછું જીવતદાન આપવું અઘરું છે. મને તો વિદેશમાં કેળવણીની સરસ સંસ્થાઓમાં નોકરી મળતી હતી. હું ગામડાનો. સમાજના જે ઘરમાંથી હું આવ્યો છું એવા સમાજનો ઋણ અદા કરવો એ મારી ફરજ છે."

જશીબહેનને તે સમયમાં દમની તકલીફ હતી. સરસપુરના દૂષિત વાતાવરણમાં તે તકલીફ વધે જ વધે. એમણે કહ્યું : "ડર છે મને કે ત્યાં મારો દમ વધી જશે."

જ્યાં સેકડો નહીં, હજારો માનવીઓ રોજેરોજ રોગ જ રોગ નોતરી રહ્યા છે. તેઓની વચ્ચે પડીને તેમની સેવા કરતા કરતા આપણે પણ રોગોના ભોગ બની જઈએ તો સમજવું કે આપણને પ્રભુના દર્શન થયા છે.

જશીબહેનના આંતર જગતમાં ફરી મંથન : અંગત જીવનને જ સુખી બનાવવા મથવું એ તો નર્યો સ્વાર્થ! રઘુભાઈની લાગણી સમજતા મને આટલી વાર કેમ લાગી ? આવું સમજવાની સાથે જશીબહેનનું મન સ્પષ્ટ અને હળવુંફૂલ થવા માંડ્યું. ખોળામાં સૂતેલા પ્રશાંતને લઈને પોતે રઘુભાઈ તરફ સરકીને કહ્યું : "સાંભળો તમારા વિચારોને હું સમજી શકી છું. તમારી જીવનસાથી છું. આ મિશનમાં હું કાયમ તમારી સાથે જ છું. પુત્ર પ્રશાંતની સાક્ષીએ વચન આપું છું." અને બંને હસી પડ્યા. બસ ત્યારથી રઘુભાઈના જીવનભાવના અને કાર્ય ક્યારે જશીબેનના થઈ ગયા તેની તેમને ખબર જ ન રહી અને બંને બની રહ્યા મા સરસ્વતીના ચરણે મઘમઘતા બે ફુલ !

સમર્પણભાવે ફૂલો તો સરસપુર-અમદાવાદમાં ઉપસ્થિત થયા. ( ૧૯૪૪) પરંતુ દેવી સરસ્વતીનું વિદ્યામંદિર સરજાવવું અને સજાવવું તે પડકાર ઊભો હતો. આ માટે ધીરજ અને પરિશ્રમપૂર્વક તપસ્યા શરૂ થઈ. આર્થિક વંટોળ આવ્યો અને શમ્યો. 'ઘરશાળા'માંથી છુટા થવાને એક વર્ષ બાકી હતું. ત્યાં લગી શાળા ચલાવવા આચાર્ય શિક્ષકો મેળવવાનો અને અધવચ્ચે તેઓ ચાલ્યા જાય ત્યારે ફરી મેળવવાનો પ્રયત્ન ડગમગતી નાવડીને સમતોલ કરવા જેવો હતો. ખેલદિલ હરભાઈએ પણ જરૂરી માર્ગદર્શન આપ્યા કર્યું. ઘરશાળાનું એકેડેમિક વર્ષ પૂરું થતાં જશીબહેન-રઘુભાઈ અમદાવાદ સ્થાયી થવા ભાવનગરથી રવાના થયા.

આ વિદાય જશીબેન માટે વિશેષ વસમી હોય તે સહજ છે. એમનું જીવન ભાવનગરની ભૂમિ પર અત્યાર સુધી પસાર થતું રહ્યું હતું. માતા પિતાની હૂંફ. ત્રણેય નાની બહેનોનું વહાલ. પ્રશાંત પરથી દૂર થતી દાદા-દાદી અને પ્રેમાળ માસીઓની છાયા. - આમ છતાં જશીબહેન મક્કમ હતા. જીવનસાથી રઘુભાઈના સ્વપ્નને સાકાર બનાવવા માટે નવતર ધરતીમાં ખૂંપી જવાનું હતું. પિતાને અતિ પ્રિય નૂતન શિક્ષણના પંથે પતિની સંગે જવાનું હતું. 'આવજો-આવજો' ના અવાજો પડઘાવતો ધંધુકા મેલ અમદાવાદ ભણી સરકવા માંડ્યો.

મિત્રના મિત્રના ખાલી ઘરમાં કામ ચલાઉ મુકામ કર્યો. ભાવનગરથી આવેલ એક જૂના સાથી ભીખાને પુત્ર પ્રશાંતને સોંપીને બંને સરસપુર જવા નીકળ્યા. ૧૧ વાગ્યે પ્રાર્થના સભા કરી. બાર- પંદર બાળકો કુતુહલભાવે બેઠા. જશીબહેને હારમોનિયમ પર રવીન્દ્ર ગીત ગાયું : "હે મંગલ ચરણતલ તવ ચિત્ત પલ પલ ચંચલ હે મંગલ !" આ સાંભળતા કેટલાક વિદ્યાર્થીઓને હસવું આવ્યું. જશીબહેનને થયું : "શું આ ગરીબ લત્તામાં આ પ્રકારનું સંગીત કદીય બાળકોને સાંભળવા નહીં મળ્યું હોય ? સંગીત સમજવાની શક્તિ તેમનામાં નહીં વિકસી હોય?"


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આના ઉત્તરમાં રઘુભાઈએ જશીબેન ને સૂચવ્યું : "તમે વર્ગમાં જઈને થોડા સરસ ગીતો શીખવો તો ?" આમ સંગીત શીખવતા શીખવતા જશીબહેન બાળકોના અંગત પરિચયમાં આવવા માંડ્યા, તેમના નામ યાદ રહેવા માંડ્યા. સાંજે પાંચ વાગતા જશીબહેન એક વર્ષના પુત્ર પ્રશાંત માટે થઈને પેલા કામચલાઉ નિવાસે જવા નીકળી જતા અને રઘુભાઈ શાળામાં સાંજ-રાત-મોડી રાત લગી રોકાઈ જતા. આવનજાવનમાં જતા સમયને બચાવવા એમણે સરસપુરમાં જ રહેવાનું યોગ્ય માન્યું. શાળાના મકાનમાંથી નાનકડી ઓરડીને રહેવા જેવી કરી. આ માટે બે ચાર શિક્ષકો વિદ્યાર્થીઓએ મદદ કરી. આમ, મંઝિલના મારગની પડખે હવે થયો મુકામ (મે, ૧૯૪૪).

જશીબહેન કેવળ ગૃહિણી કદી ન રહ્યા. રઘુભાઈની સાથે શાળા- શિક્ષણ- વિકાસ- યોજનાની ચર્ચામાં જોડાઈને તે પછી શિક્ષણ પંથે સંચરતા સહયાત્રી બનતા રહ્યા. સરસ્વતી વિદ્યાલયમાં આઠ વર્ષ (૧૯૪૪-૫૨) ઉપાચાર્યપદે રહીને એમણે વહીવટ ઉપરાંત ભાષા, સમાજવિદ્યા અને સંગીતના વિષયોમાં વિદ્યાર્થીઓને યાદગાર શિક્ષણ આપ્યું. મોન્ટેસરી ટ્રેનિંગ લીધી (૧૯૪૭). બી. એડ. (૧૯૪૬) અને પછી એમ. એડ. (૧૯૫૧) ની પદવી મેળવી. આરંભના વર્ષોમાં તો દિવસો સુધી નહીં, ચારેક વર્ષ સુધી રેલવેનો પૂલ ઓળંગીને શહેરમાં જવાનું સાંભરે નહીં. ગંદી ચાલીઓ અને નાનકડી ખોલીઓમાં રહીને ભણતા બાળકો, એમના પુત્ર-પુત્રી પ્રશાંત-ઈરા સમાન જ બની રહ્યા. જનસંપર્ક કરીને શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારી. બીમાર પડેલ શિક્ષકોને ઘરે રઘુભાઈ સાથે પહોંચી જઈને એમની સારવારમાં સહાયરૂપ થતા. સમસ્યારૂપ વિદ્યાર્થી કે વાલીને સમજાવવા કે રસ્તે લાવવાના પ્રસંગે રઘુભાઈ તેમની સોંપણી જશીબહેનને જ કરી દેતા, જેથી વહીવટી બાબતે પૂરતો સમય મળી રહે. વચગાળે એક વર્ષ (૧૯૫૨-૫૩) માટે રઘુભાઈને અમેરિકા જવાનું થયું ત્યારે શાળા-સંસ્થાનું સર્વ સંચાલન જશીબહેને કુનેહપૂર્વક કર્યું હતું. પાંચ વર્ષથી પણ ઓછા ગાળામાં સરસપુર વિસ્તારની સરસ્વતી હાઈસ્કૂલની ગણતરી અમદાવાદની પ્રથમ હરોળની શાળાઓમાં થવા માંડી.

'સરસ્વતી' ની સુવાસથી પ્રભાવિત અમદાવાદના બીજા પૂર્વ વિસ્તાર અસારવા વિસ્તારના વાલીઓએ શાળા શરૂ કરવા આગ્રહ-ભરી વિનંતી કરી. વાલીઓની લાગણીને માન આપીને અસારવામાં વિદ્યાલય શરૂ કર્યું. જશીબહેનના આચાર્યપદે છ વર્ષ (૧૯૫૨-૫૮)-ના ગાળા દરમિયાન આ વિદ્યાલય પણ વાલીઓને માટે વિશ્વાસપાત્ર અને વિદ્યાર્થીઓને માટે વહાલપાત્ર બની રહ્યું. અનેક પરિવારો સાથે જશીબહેને સંબંધો વિકસાવીને વિશ્વાસ મેળવ્યો.

અસારવા વિદ્યાલયમાં થતા સંસ્કાર કાર્યક્રમ વખતે કેટલાક તોફાની તત્વો ધમાલ કરતા અને જશીબહેનને ડરાવવા મથતાં. આમ છતાં અભયા જશીબહેન આવા પ્રશ્નો પોતાની રીતે જ ઉકેલવાનું પસંદ કરતા. એ પ્રેમાળ આચાર્ય પાસે ગણેશ નામનો એક નમાયો વિદ્યાર્થી પહોંચી ગયો. તે ફી ભરવા અશક્તિમાન હતો. તેની સ્થિતિ સમજીને તેમણે વર્ગ શિક્ષક પર ચિઠ્ઠી લખી આપી અને બાળકને આશ્વાસન આપ્યું. પોતાની શારીરિક ક્ષતિને કારણે લાચાર કે માવતરની અપેક્ષાઓથી લદાયેલા બાળકો જશીબહેનની સહાનુભૂતિને વિશેષપાત્ર બનતા અને જરૂરી રાહત કે માર્ગદર્શન મેળવતા. અસારવા વિદ્યાલય છોડવાની ઘડીઓમાં તેનો દરવાજો પકડીને જશીબહેન બાળકની જેમ રડી પડ્યા હતા ! સર્જનનું મમત્વ કયા સર્જકને નથી હોતું ?

અસારવા વિદ્યાલય છોડવાનું કારણ સરસપુર અને અસારવા ખાતેના વિદ્યાલયોની પ્રસરતી જતી સુવાસ હતી. આ સરસ્વતીની સુવાસ ગુજરાત બહાર છેક દિલ્હી પહોંચી ! પશ્ચિમી સંસ્કૃતિથી અંજાતા જતા સમાજમાં ભારતીય અસ્મિતા શિક્ષણ દ્વારા દ્રઢાવવાનો ત્યાંની ગુજરાત એજ્યુકેશન સોસાયટીને વિચાર થયો. આ દ્રષ્ટિકોણ થી શરૂ થનાર સરદાર પટેલ વિદ્યાલયનું સંચાલન કોને સોંપવું તે અંગે સમર્થ શિક્ષણકારોનું માર્ગદર્શન માંગવામાં આવ્યું. એમણે શ્રી એચ. એમ. પટેલને અમદાવાદમાં કાર્યરત નાયક દંપતિનું નામ સૂચવ્યું.

નડિયાદ, ભાવનગર અને પછી અમદાવાદના સરસપુર- અસારવાના કરતા પણ અહીં જુદી જ પરિસ્થિતિ હતી. ડોક્ટર રઘુભાઈ સાથે રહીને જશીબહેને આ પડકાર પણ ઝીલી લીધો અને ઉપ-આચાર્ય તરીકે નહીં સહ-આચાર્ય તરીકે પૂરા અઢાર (૧૯૫૮-૭૬) વર્ષ યશસ્વી સેવાઓ આપી. પોતાના માનવતાયુક્ત અભિગમને લીધે જશીબહેને અનેક વિદ્યાર્થીઓ માટે પ્રગતિનો પંથ સુલભ કરી આપ્યો, એટલું જ નહીં, અનેક પરિવારોના પણ માનનીય મેડમ બની રહ્યા. ખાસ કરીને તરવરીયા પણ તોફાની તરુણોને સમજીને ધીરજપૂર્વક જવાબદારી સોંપીને તેમનું જવાબદાર નાગરિક તરીકે ઘડતર કર્યાના અનેક ઉદાહરણો મળી શકે તેમ છે. આથી જ તેમણે દિલ્હીથી લીધેલ વિદાય વખતે વર્તમાન વિદ્યાર્થીઓ જ નહીં, મુક્ત વિદ્યાર્થીઓ પણ, સંપન્ન ગુજરાતી પરિવારો જ નહીં, શિક્ષિત અધિકારી અને બિન-ગુજરાતી પરિવારો પણ પ્રેમ-આદર વ્યક્ત કરવા આવી ઊભા હતા.

જીવનભર પ્રેમ અને શોખથી શિક્ષિકા તરીકે રહેલા જશીબહેન શિક્ષણના વ્યવસાયમાં સદા ગૌરવ અને આત્મસંતોષ અનુભવતાં રહ્યાં. જીવન એમને મન કાવ્યસંગીત અને આનંદ !

પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાંથી નિવૃત્ત થયા પછીનું પરોક્ષ શિક્ષણ કાર્ય તો વિશેષ ફલક ધરાવતું આવી મળ્યું 'ઘરશાળા'ના રૂપે. પિતા હરભાઈ દ્વારા ચલાવતા આ વિશિષ્ટ સામયિકની તાંત્રિક જવાબદારી સ્વીકારી (૧૯૭૬). અને સવિશેષ શિક્ષણલક્ષી વાર્તાઓ દ્વારા અનેક વાચકોની દાદ મેળવી. તેમની તેવી કેટલીક વાર્તાઓનો સંગ્રહ 'કાળી વાદળી ઉજળી કોર' તેમને આપણા સાહિત્યના નોંધપાત્ર વાર્તાકાર ઠેરવે છે.

પ્યારું ને ન્યારું "ઘરશાળા" વધુને વધુ સમૃદ્ધ થાય તે માટે સહતંત્રી વિઠ્ઠલભાઈ ઓઝા સાથે સતત ચર્ચા કરતા અને કાર્યશીલ પણ રહેતા. જશીબહેન વિદેશમાં વસતા પુત્ર-પુત્રી પ્રિય પ્રશાંત-ઈરાના પરિવારની સાથે રહેવા જાય ત્યારે પણ પોતાના આ સામયિકને ન ભૂલે. તેના માટે વાંચે, વિચારે, મુલાકાતો લે અને સુંદર ઢબે લખતા રહે.

જશીબહેનની સક્રિય પ્રેરણાને લીધે અમદાવાદ ખાતેની ભક્તિ સંગીત બિરાદરી પ્રવૃત્તિ અને પરિવારોને પરમના સામીપ્યનો અનુભવ કરાવે છે. આ નિમિત્તે મિત્ર-પરિવારો સાથેનો સંપર્ક પણ જળવાઈ રહે છે, જેના તેઓ ભારે ચાહક છે.

એમનું લાડકુ બાળક સરસ્વતી વિદ્યામંડળ આજે તો એક વિશાળ સારસ્વત સંયુક્ત પરિવારરૂપે વિકસી રહ્યું છે. તેના અન્વયે થતી પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ રહીને મમતા વરસાવ્યા વિના એ વત્સલ્યમૂર્તિથી રહેવાય નહીં.

વય પંચોતેર (હવે પંચાણું) ને પાર કરી ચૂકેલા જશીબહેનને જિજ્ઞાસુ શિક્ષકોને સંદેશ આપવાની તક મળે ત્યારે આટલું તો કહે જ : "દોસ્તો ! અભ્યાસક્રમ એ

તો બાળકના હૃદય સુધી પહોંચવાનું સાધન છે, સાધ્ય નથી. એના દ્વારા તો બાળકને સમજવાનો છે."

આવું અનુભવીને અધિકારપૂર્વક કહેતા પ્રેમાળ જશીબહેનનું જીવન તો જાણે સમજણની સાધના ! ગુરુ પિતાને સમજવામાંથી વિદ્યાદેવી સરસ્વતી માટે ખરો ભક્તિભાવ જાગ્યો અને પુરુષાર્થી પતિને સમજવામાંથી પામ્યા 'સરસ્વતી'નું સામીપ્ય ! સમજણની સાચી સાધના ચિત્તમાં કેવો પરમ પ્રકાશાનંદ રેલાવી રહે છે તે સમજવા વત્સલા જશીબહેનને સલામભેર સમજવા જેવું છે, નહીં?

– "શિક્ષણના સિતારા" માંથી સાભાર.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

ભેદભાવભર્યા કાયદા નાબૂદ કરવામાં (માર્ટિન લ્યુથર કિંગ) કે દક્ષિણ આફ્રિકામાં લોકશાહી સ્થાપવામાં (નેલ્સન મંડેલા) આ માર્ગનો પ્રયોગ થયો જ છે. પીડા, એકાંત, માર કે ગોળી કશુંય તેમને ડગાવી શક્યું નથી.

એટલે કે અહિંસાનો માર્ગ હોઈ શકે એટલું તો જગતને દેખાઈ ગયું છે. ગાંધીજીનો આ માર્ગ સાચો છે. એમ જગતને દેખાય છે, પરંતુ ભારના પોટલા ઊંચકીને પહાડ ચડી શકાતો નથી, એમ માનવજાત અહંકાર, ઈર્ષા, લોભના પોટલા ઉચકીને નવી ભૂમિકામાં પ્રવેશી શકશે નહીં.

વીસમી સદીના પૂર્વાર્ધમાં ગાંધીજી આ પારખી શક્યા હતા. અને દક્ષિણ આફ્રિકા તથા ભારતમાં એનો અમલ કરીને ગાંધીજીએ યુદ્ધનો અવેજ ચીંધી બતાવ્યો હતો. ઊંઘ ઘાટી હોય ત્યારે જાગવામાં મોડું થાય છે તેવી પણ આજના જગતની સ્થિતિ હોઈ શકે. પણ બદલાતા સંદર્ભો, વિશ્વપટની નાજુક સ્થિતિ ફરજ પાડી શકે કે "રુક જાવ" તો એ નવાઈભર્યું નહીં હોય. કારણ કે માણસ કેવળ મરવા-મારવા માટે આ પૃથ્વી ઉપર આવ્યો નથી. તમામ માણસોને શાંતિ, સૌહાર્દ, પ્રેમ અને શરીરથી ઉપર ઉઠીને પોતાના સાચા સ્વરૂપને પારખવાની જિજ્ઞાસા હોય છે, આતુરતા હોય છે. એ ગમે તેટલો બંધનગ્રસ્ત હોય તો પણ એની આંખ તો સૂર્યપ્રકાશ તરફ જ મંડાય છે.

આ સંદર્ભ સમજીએ તો પરખાય કે ગાંધીજી હતા વીસમી સદીમાં, પરંતુ તેમણે એકવીસમી કે બાવીસમી સદીમાં કેમ જીવવું, કેવું જીવન યથાર્થ અને માનવીય ગણાય એનું દર્શન કરાવ્યું છે. એટલે ગાંધીદર્શન કદી પુરાણું નહીં થાય, નિત્યનૂતન રહેશે.

સાભાર – ગાંધીની નજરે દુનિયા

જે શિક્ષક પાંચ કલાકનું ભણતર ભણાવીને પોતાની જવાબદારી ખંખેરી નાખવા માગતો હોય તે શિક્ષકને પણ શિક્ષણના ધંધાનો અધિકાર મળી શકે નહિ.

કેળવણી એ જીવનનું અતિ મહત્ત્વનું અંગ હોવાથી જે અભ્યાસક્રમને જીવન સાથે સીધો સંબંધ ન હોય તે અભ્યાસક્રમ છોડી દેવો જોઈએ.

# ગિજુભાઈ બધેકા એટલે ..ઘણું બધું...

- ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'

૧૫ મી નવેમ્બર ગિજુભાઈ બધેકાની જન્મ જયંતીઆવે છે ત્યારે આપણે તેઓના બાળ કેળવણી અને સમરસ સમાજ માટેના વિચારોથી સમાજ નિર્માણ થાય તે ખૂબ જરૂરી છે.બાળકો ભાર વગરનું શિક્ષણ મેળવે તે ખૂબ જરૂરી છે.

લેખકશ્રી

ગિજુભાઈ બધેકાનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૮૫ થયો હતો. મૂછાળી મા તરીકે બિરુદ પામી બાળ કેળવણીનો એક નવો કીમિયો જગતને આપ્યો. ૧૯૨૦માં બધેકાએ બાલ મંદિર કિન્ડરગાર્ટનની સ્થાપના કરી. બાદમાં નાનાભાઈ ભટ્ટ , હરભાઈ ત્રિવેદી અને બધેકાએ ભાવનગરમાં 'શ્રી દક્ષિણામૂર્તિ ગિજુભાઈ વિનય મંદિર' શાળાનું નિર્માણ કર્યું.આમ એક ઉત્તમ કેળવણી ખાસ કરીને બાળ કેળવણીની શરૂઆત થઈ.

શાળાનો અભ્યાસ પૂરો થયા પછી, ગિજુભાઈને શામળદાસ કૉલેજમાં પ્રવેશ મળ્યો, પરંતુ અજ્ઞાત કારણોસર તેઓ તેમનો અભ્યાસ પૂરો કરી શક્યા ન હતા. ૧૯૦૭ માં, તેમને તેમના પરિવાર દ્વારા આજીવિકા મેળવવા પૂર્વ આફ્રિકા મોકલવામાં આવ્યા હતા. અહીં તેઓ એસપી સ્ટીવન્સને મળ્યા, એક વકીલ કે જેમણે ગિજુભાઈને આત્મનિર્ભરતાની જરૂરિયાત પર પ્રભાવિત કર્યા - તમારા સિવાય કોઈના પર નિર્ભર રહેવાનો સંપૂર્ણ ઇનકાર - અને સ્ટીવન્સે તેના જીવનમાં દૈનિક ધોરણે આનો અમલ કર્યો. ગિજુભાઈ માટે એ જોવાનું અજાયબી હતું કે સ્ટીવન્સે કઈ રીતે કોઈના પર આધાર રાખ્યા વિના પોતાનું જીવન બનાવ્યું અને તે શક્ય હતું, હકીકતમાં આનંદદાયક, વસ્તુઓને શોધી કાઢવી અને એકલા હાથે કામ કરવું.

૧૯૧૦ માં ભારત પરત ફર્યા પછી, ગિજુભાઈએ મુંબઈમાં કાયદાનો અભ્યાસ કર્યો . તેમણે ૧૯૧૧માં ડિસ્ટ્રિક્ટ પ્લીડર તરીકે તેમની કાનૂની પ્રેક્ટિસ શરૂ કરી અને પછીના વર્ષે હાઈકોર્ટના વકીલ તરીકે પોતાની નોંધણી કરાવી. અંગત મોરચે, એવું માનવામાં આવે છે, તે તેની માતાના ભાઈ હરગોવિંદ પંડ્યા હતા, જેમણે તેમને પ્રેરણા આપી હતી. ગીજુભાઈએ બે વાર લગ્ન કર્યા. તેમની પ્રથમ પત્ની હીરાબેન હતી જેમની સાથે તેમણે ૧૯૦૨ માં લગ્ન કર્યા હતા જ્યારે તેઓ માત્ર સત્તર વર્ષના હતા. પરંતુ હીરાબેનનું અવસાન યુવાનીમાં થયું હતું અને ત્યારબાદ તેમણે ૧૯૦૬માં જરીબેન સાથે લગ્ન કર્યા હતા. ગીજુભાઈ ૧૯૧૩માં પિતા બન્યા હતા જ્યારે તેમને પુત્રનો જન્મ થયો હતો. તેના જન્મ પછી તરત જ, જ્યારે યુવાન પિતાએ તેના નાના છોકરાને ઉપાડ્યો, થોડીવાર માટે તે ઉદાસી અને બેચેન હતો. તેનું બાળપણ તેની આંખો સામે ઝબકી ગયું. છેવટે, આદરણીય પરિવારના દરેક બાળકની જેમ, તેના પુત્રને પણ શાળાએ જવું પડશે. અને ગિજુભાઈ માટે શાળાનો અર્થ એ હતો કે સહેજ દુષ્કર્મ માટે દરરોજ લાકડી મારવી. પોતાના નવજાત શિશુને પકડી રાખતા ગિજુભાઈ જાણતા હતા કે આ નાનકડા સાથીએ પણ શાળાએ જવું પડશે - નાના આતંકની ભૂમિ. 'શું ત્યાં કોઈ રસ્તો ન હતો? શીખવવા અને શીખવા માટે આનાથી વધુ સારી રીત ન હોઈ શકે?'


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ગિજુભાઈએ પ્રશ્નો પૂછવા માંડ્યા. ગિજુભાઈને લાગ્યું કે શિક્ષણનો ખરો ઉદ્દેશ્ય એવો હતો કે એવા શિક્ષક હોય કે જે બાળકોને સમજે કે તેઓ શિક્ષણ આપી રહ્યા છે. જો બાળક અઠવાડિયાના પાંચ દિવસ એક વ્યક્તિ સાથે પાંચ કે તેથી વધુ કલાક વિતાવે તો શું બાળકને પણ શિક્ષકનો પ્રેમ અને સાચો આદર ન મળવો જોઈએ?

ગિજુભાઈ બધા માતા-પિતાની જેમ, તેમનો પુત્ર પણ જીવનભર સુખી, સલામત અને આરામદાયક રહે તેવું ઈચ્છતા હતા. તેને એ પણ સમજાયું કે તમામ માતા-પિતાએ તેમના બાળકોને શાળાએ જવા દબાણ કર્યું અને તે સમયની શ્રેષ્ઠ શાળાઓમાં શિક્ષકો હતા જેઓ માત્ર ભયથી કેવી રીતે શીખવવું તે જાણતા હતા. ગિજુભાઈને લાગ્યું કે જો બાળકો સાથે આદરપૂર્વક વર્તન કરવામાં આવે અને પૂરતી અર્થપૂર્ણ શીખવાની તકો હોય તો કોઈ પણ બાળક શાળામાં આવવાને ધિક્કારશે નહીં. વાસ્તવમાં, તેઓ એવી જગ્યાએ રહેવાની રાહ જોશે જ્યાં ઘણા બધા બાળકો અને પુખ્ત વયના લોકો હોય જેણે તેમને તેમની આસપાસની દુનિયાને શોધવામાં મદદ કરી હોય. શું તે શક્ય બની શકે? ગિજુભાઈને તેની ચિંતા થઈ. તે વાંચન અને સંશોધન તરફ વળ્યો. આ રીતે તેણે મારિયા મોન્ટેસરી અને તે જે કામ કરી રહી હતી તેના પર ઠોકર મારી.

આ બધા વાંચનથી ગિજુભાઈને મોન્ટેસરી શિક્ષણ શીખવવામાં આવ્યું જેમાં પુખ્ત અથવા શિક્ષકની ભૂમિકા માત્ર બાળકની છુપાયેલી અને જન્મજાત વિકાસની શક્તિઓને ઉજાગર કરવામાં મદદ કરવાની હોય છે. બાળક પાસે પહેલેથી જ બધું છે. પુખ્ત વયના લોકો સુવિધા આપનાર છે. મારિયા મોન્ટેસરી માનતી હતી કે બાળકને પુખ્તવય સુધી પહોંચવાના માર્ગમાં માર્ગદર્શન આપવું આવશ્યક છે કારણ કે જીવનની શરૂઆતની ક્ષણોથી જ બાળકોમાં મહાન રચનાત્મક શક્તિઓ હોય છે જે તેમના મનની રચના અને તેમના શરીરના સંકલન માટે માર્ગદર્શન આપે છે.

ગિજુભાઈએ મોન્ટેસરી મેથડ પરનું પુસ્તક ખાઈ લીધું. તે અન્ય સૂક્ષ્મ વિશ્વનો પરિચય હતો જેમાં 'પ્લે-વે' પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. તેઓ જે શીખી રહ્યા હતા તેનાથી ઉત્સાહિત થઈને ગિજુભાઈએ શિક્ષકો અને શાળાઓ સાથે વધુ સમય વિતાવવાનું શરૂ કર્યું. તેમને ખાતરી થઈ કે તેઓ પરિવર્તન લાવશે, ૧૯૧૫માં તેમણે દક્ષિણામૂર્તિ (બાલ ભવન)ની સ્થાપનામાં મદદ કરી અને પછી ભાવનગર ખાતે છાત્રાલય શરૂ કર્યું. ૧૯૧૬ માં, તેમણે તેમની કાનૂની પ્રેક્ટિસ છોડી દીધી અને સહાયક અધિક્ષક તરીકે દક્ષિણામૂર્તિમાં જોડાયા.

ગિજુભાઈનું યોગદાન ભારતીય પર્યાવરણને અનુરૂપ બાળશિક્ષણની પ્રણાલીની ઉત્ક્રાંતિ, શિક્ષકોની તાલીમ અને બાળકો માટે સાહિત્યની રચના હતી. મોન્ટેસરી, ફ્રૌબેલ, ડાલ્ટન અને અન્યોની શૈક્ષણિક ફિલસૂફીમાંથી ઉદારતાપૂર્વક ઉધાર લેતા, તેમણે ભારતીય જરૂરિયાતોને અનુરૂપ સંગીત, નૃત્ય, પ્રવાસ, વાર્તા કહેવા અને આઉટડોર નાટકનું મિશ્રણ તૈયાર કર્યું. સ્વતંત્રતા અને પ્રેમ એ બે સિદ્ધાંતો હતા જેની આસપાસ સિસ્ટમ ફરતી હતી. શાળા ત્વરિત હિટ હતી. મહાત્મા ગાંધી કે જેઓ પોતે શિક્ષણ પ્રત્યે સ્પષ્ટ વિચારો અને મંતવ્યો ધરાવતા હતા, તેઓ ગિજુભાઈ બધેકાને ખૂબ પસંદ કરતા હતા. તેમણે જ ગિજુભાઈને 'મૂછાળી મા' અથવા મૂછોવાળી માતા કહીને બોલાવ્યા અને નામ જ રહ્યું. આમ ગિજુભાઈ દ્વારા સમાજને સાચા અર્થમાં એક દલિતોના હમદર્દ મળ્યા.ગાંધી બાપુના દલિત કેળવણી રથને ગતિ આપનારા સાચા સારથી હતા.

ગાંધીજી કહેતા કે " અસ્પૃશ્યતા જીવે એના કરતાં તો હિન્દુ ધર્મ રસાતળ થઇ જાય એ હું વધારે ઇચ્છું. " સામે પક્ષે આંબેડકરે એકવાર વિદ્યાર્થીઓને સંબોધતા

કહેલું કે " હું સૌપ્રથમ બેરિસ્ટર થઈને આવ્યો ત્યારે મહારડા બેરિસ્ટર ( અપમાનજનક ) એવું સંબોધી મને હીન બતાવીને આગળ પડતી જાતિના લોકો મને બેરિસ્ટર કહેતા હતા, પરંતુ મેં મારી યોગ્યતા સાબિત કરીને તેમના મોંઢા બંધ કર્યા હતાં. આમ ડૉ. આંબેડકરે કેટલી બધી અસમાનતાઓનો અનુભવ કર્યો હશેં તેનો ખ્યાલ અહીં આવી જાય છે. આમ વંચિત વર્ગને કેળવણી આપવી એ મહત્ત્વનું કાર્ય ગણાય છે. આથી ગિજુભાઈ પણ આ કાર્યને મહત્ત્વનું માની પ્રવાસે નીકળી પડતાં હતાં. પોરબંદર નજીક છાયા આશ્રમમાં બાલમંદિર ખુલ્લું મૂકવાનું આમંત્રણ મળતા.ગિજુભાઈ બોલી ઉઠ્યાઃ ત્યાં તો મારે જવું પડશે ! પોરબંદર રાજ્યના દીવાનપદે ગિજુભાઈના બાલસખા ત્રિભુવન રાજા હતા. તે સમયે રૂઢિચુસ્ત સમાજને કારણે આભડછેટ વધુ હતી. હરિજન આશ્રમમાં જવું તે સમયે કેટલાક લોકોને ગમતું ન હતું. જ્યારે આભડછેટ વિશે ગિજુભાઈને ખબર પડી તરતજ કકળી બોલી ઊઠ્યાઃ કે " આપણો લબાચો ઉઠાવો અહીંથી, ચાલો આશ્રમમાં, " આવી નીડરતા દલિત સમાજ માટે તે સમયે બતાવવી તે ખરેખર એક વીરતા કહેવાય !

બાલમંદિરને જ્યારે ખુલ્લું મૂક્યું ત્યારે તેમણે કહ્યું " આ બાલમંદિરની શારદા ભલે ચાર - પાંચ ચોપડી ભણેલી રહી, પણ તેણે મારી પાસે તાલીમ લીધી છે. આ બાલમંદિરને સાદાઈથી સમૃદ્ધ અને વધુ સુંદર બનાવ્યું છે. અહીં મોન્ટેસરી પદ્ધતિ લાવો. સાદી મૉન્ટેસરી પદ્ધતિનો મને અહીં અનુભવ થયો છે. અહીં શણિયાનાં આસનોને ચીથરાંની રંગીન કિનારોથી કલામય બનાવ્યાં છે. માટીની ભીંતને વાદળી રંગના પટ્ટાથી સુશોભિત બનાવી છે. હેમુભાઈએ પોતાની પીંછીથી સસલાં, તેમજ ખિસકોલાં દોરી સોનામાં સુગંધ મેળવી છે. આંગણામાં હાથે ઊઝેરેલ બગીચો છે. ખરી મોન્ટેસરી પદ્ધતિ સસ્તી છે. આ અધ્યાપનમંદિરમાંથી બોધપાઠ લીધા જેવો છે. મોન્ટેસરીએ મજૂર વર્ગમાં જીવન જીવતાં બાળકોમાંથી જ કેળવણી શરૂ કરેલી. આપણા જેવા ગરીબ દેશમાં આવા બાલમંદિરો જ રાષ્ટ્રવ્યાપી થઈ શકે. રાતે હરીજનવાસમાં ભજન સાંભળ્યા. બીજે દિવસે બરડાની મહેર સંસ્કૃતિ જોવા જાણવાં અધ્યાપનમંદિર સાથે ગામડાઓમાં ફર્યા. જાહેર સભામાં, ટાઉનહૉલના ચોગાનમાં મળેલા શહેરીજનોને ગિજુભાઈએ બાલસંદેશો આપ્યો. ગિજુભાઈ ગદ્દ ગદ્દ બની બોલ્યા : " તમે મને સાત સાત ઘોડા ગાડીઓમાં ફેરવ્યો, રાજ્યનો મહેમાન બનાવ્યો, મહાજને બહેનોને સાચવી, શિક્ષણપ્રેમીઓએ પ્રેમથી નવાજ્યો, એ બધું કદાચ હું વીસરી જઈશ, પણ કાલે રાતે હરીજનવાસનાં એ ભજનો અને આશ્રમનાં બાળકોએ કરેલી અમારી સેવા અને મહેમાનગતિ ક્યારેય હું નહીં ભૂલું." પછીના વરસે આશ્રમની પાંચ બાળઓ અને પાંચ કુમારોને ભાવનગર દક્ષિણામૂર્તિમાં ગિજુભાઈએ પોતાના નિવાસે ઉતારો આપ્યો. ગિજુભાઈએ જમતી વખતે

કહ્યું : "આજે બાલમંદિરના ચોગાનમાં આપણાં મોંઘા અતિથિઓ સાથે આપણે સમૂહ ભોજન લેશું." બાધા વર્તુળમાં ગોઠવાયા. વચમાં રંગોળી પૂરી ફૂલદાનીઓ મૂકી. કેળના પાનમાં વાનગી પીરસાઈ. ભોજન શરૂ કરતાં પહેલાં ગિજુભાઈ બોલ્યા : " આટલાં બધા ભાઈ બહેનો , જેમાં કેટલાંક રૂઢીચુસ્ત વાતાવરણમાં ઉછર્યા છો, છતાં હરિજન બાળકો સાથે બેસી ભોજન લો છો, તે આનંદની વાત છે. હું પોતે ધન્યતા અનુભવુ છું." બહેનોએ બાળકોને અક્ષતકંકુ કર્યા. ૧૩૧ રૂપિયાનો થાળ તેમને ચરણે ધર્યો. સૌ સાથે જમી, રમીને આનંદ કર્યો. આમ આ પ્રસંગ હરિજન બાળકો પ્રત્યે ગિજુભાઈનો પ્રેમ અને લાગણી સ્પષ્ટ જણાઈ આવે છે.

(અનુસંધાન પૃષ્ઠ 32 ઉપર)

# મૂડીના વ્યાજે કાઢેલ કાઠું ભાગ-૨

- હીરજીભાઈ નાકરાણી
નિવૃત્ત પ્રિન્સિપાલ,પી.ટી.સી. કોલેજ

(ગતાંકથીચાલુ...)

**ભૌતિક સુવિધાઓ**

**વાહન :-**

જુનિયર અને સિનિયર કે.જી. માં પ્રવેશ પામતા હળવદ શહેર અને આસપાસના ગામડાંઓમાંથી પ્રવેશ પામતાં બાળકો માટે નાની અને મોટી બસનો ઉપયોગ થાય છે. આ વ્યવસ્થાને કારણે શિક્ષણનું કામ સમયસર અને વ્યવસ્થિત થાય છે. આ વ્યવસ્થાથી બાળકોના વાલીઓ ચિંતા રહિત રહી શકે છે. બસની ટૂંકી મુસાફરી પણ નાનાં મોટાં બાળકો માટે અતિ આનંદદાયક બની જતી હોય છે.

આ રીતે શ્રેણી પાંચથી શ્રેણી બાર સુધીના કિશોરો, કુમારોને લાવવા લઈ જવા મોટી બસનો ઉપયોગ થાય છે. પોતાના સંતાનને આ સંસ્થામાં ભણાવવા માટે વાલીઓ પણ સંતોષ અને આનંદ અનુભવે છે. બસ લેવા આવતા પહેલા બાળકો નાહી, કપડા-ગણવેશ પહેરી, બૂટ મોજાં ચડાવી, ગળામાં મહર્ષિ ગુરુકુળનો સિમ્બોલ લટકાવી, દફતર લઈને બસમાં બેસીને હાથ ઊંચો કરી વાલીઓને "આવજો" કહેતા કેટલો હરખ થતો હશે તે તો બાળકો અને વાલીઓ જ અનુભવતા હશે.

**વર્ગ શિક્ષણ :-**

વર્ગ શિક્ષણ માટે દરેક ક્લાસમાં અદ્યતન લેખન બોર્ડ, બેસવા માટે બેન્ચીસની સુવિધા આપવામાં આવે છે. વિજ્ઞાનના પ્રત્યક્ષ પાઠો માટે અદ્યતન ભૌતિક, રસાયણ અને જીવ વિજ્ઞાન શીખવતી પ્રયોગશાળાઓની સુવિધા રાખવામાં આવી છે.

ઈતર વાંચન માટે વિવિધ વિષયનું સાહિત્ય વિશાળ લાઈબ્રેરીમાં રાખવામાં આવ્યું છે.

રમતગમત કે અન્ય કામો કરતા કરતા કોઈને કંઈક વાગે કે રમત રમતાં રમતાં કોઈ ઘાયલ થાય તો પ્રાથમિક સારવાર તરત મળી રહે તે માટેની સુવિધા પણ રાખવામાં આવી છે. કેટલાક વિદ્યાર્થીઓ અપડાઉન કરીને અહીં ભણતાં હોય છે. તેમના વાહનો, સાયકલ, સ્કૂટર કે બાઈકને સુરક્ષિત જગ્યાએ રાખવા માટે પરિસરની બહાર અને અંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

દર મહિને એક રવિવારે છાત્રાલયમાં રહીને ભણતા કુમારો અને કુમારીઓના વાલીઓને મળવા માટે પણ પૂરતી સુવિધા કરવામાં આવી છે. વાલીઓને સુકો નાસ્તો પોતાના સંતાનને આપવાની છૂટ છે, તે પણ બહુ મર્યાદિત. આ મિલન આનંદદાયક અને મેળા સ્વરૂપમાં હોય છે. મન ભરીને વાલીઓ પોતાના સંતાનને બાથમાં લઈ વહાલ કરી શકે છે. લાગણીસભર આ માહોલથી સંતાનો અને વાલીઓ તનાવથી પર થઈ હળવા ફૂલ થઈ જાય છે. આ બહુ મોટી ઉપલબ્ધિ ગણાય.

**વર્ગશિક્ષણ વ્યવસ્થા :-**

સંસ્થાએ વિશાળ પરિસરમાં કુલ આઠ વિશાળ ભવનો ચાર માળના બનાવ્યા છે. જેમાંના ત્રણ ભવનો છાત્રાલયો, અન્નપૂર્ણા અને ભોજનાલયનાં ઉપયોગમાં લેવાયા છે. બાકીના પાંચ ભવનો તો વર્ગ શિક્ષણ માટે જ ઉપયોગી બનાવ્યા છે. અને પ્રવેશ દ્વારની નજીક એક ભવનની નીચેનો માળ ગ્રાઉન્ડ ફ્લોરમાં સંસ્થાનું

કાર્યાલય આવેલ છે તથા શિક્ષક રૂમ આવેલ છે, જ્યાં શિક્ષકો પોતાના પુસ્તકો અને સર સામાન રાખી શકે તેમજ સમૂહમાં બેસી ચા-પાણી અને નાસ્તો કરી શકે.

અંગ્રેજી માધ્યમમાં ભણનારા વિદ્યાર્થીઓના શિક્ષણની એક ભવનમાં અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાતી માધ્યમમાં ભણનારા વિદ્યાર્થીઓના વર્ગ શિક્ષણની પણ એક અલગ ભવનમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

આ રીતે કોમર્સ અને સાયન્સમાં ભણનારા વિદ્યાર્થીઓના વર્ગ શિક્ષણની પણ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

**ગૌશાળા :-**

છાત્રાલયમાં રહીને ભણતા કુમારો કે કુમારીઓને શુદ્ધ ગિર ગાયનું દૂધ, દહીં, માખણ, છાશ મળી રહે તે હેતુથી એક ગૌશાળા શહેરથી થોડે દૂર અલગ જમીન લઈને ઊભી કરવામાં આવી છે. સંસ્થાના 10 સભ્યોમાંથી ગૌપાલનમાં રસ ધરાવતા અને સૂઝવાળા મિત્રએ સંપૂર્ણ જવાબદારી લઈ લીધી છે. તેઓ ગાયોનો ઘાસચારો ખાણદાણની પૂરી કાળજી રાખે છે. સ્વચ્છ દૂધ ઘર જ્યાં દૂધ એકઠું થાય છે અને અન્નપૂર્ણાએ સમયસર પહોંચાડવામાં આવે છે. ગાયના છાણમાંથી ગોબર ગેસની સુવિધા કરવામાં આવી છે, જે ગેસનો ઉપયોગ અન્નપૂર્ણાની તમામ રસોઈ બનાવવામાં થાય છે.

ગાયોની સંભાળ રાખવા, સમયસર ઘાસચારો આપવા તથા તેની કાળજી રાખવા એક ગોવાળ રાખવામાં આવ્યો છે. જે સમયસર દૂધ દોહીને દૂધ ઘરમાં પહોંચાડી દે છે. વેકેશનની રજાઓમાં તમામ દૂધની છાશ બનાવી આમ જનતાને મફત આપવામાં આવે છે અને જે ઘી થાય તે બજાર ભાવે શિક્ષણ સંકુલના કર્મચારીને વેચાતું આપવામાં આવે છે.
ગૌશાળા પાછળ શુદ્ધ ગૌસંવર્ધનની પવિત્ર ભાવના પણ કામ કરી રહી છે. તેથી કોઈ ભેળસેળ તો થાય જ નહીં, એવા સિદ્ધાંતને વરેલી આ ગૌશાળા છે.

***આંગણે અતિથિ :-**

સંસ્થામાં ઉજવાતા ઉત્સવોમાં હળવદના જ વતની અને વિશ્વ ખગોળશાસ્ત્રી શ્રી જે. જે. રાવલને પણ ખાસ નિમંત્રણ આપી બોલાવવામાં આવે છે. તેઓ હોંસથી આવે પણ છે અને વિદ્યાર્થીના ભાવિ વિકાસ માટે જીવન ઘડતર માટે પ્રેરક પ્રવચન આપે છે. આ વ્યક્તિ વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ પડી છે.

એકબીજા વૈજ્ઞાનિક અને ખાસ કરીને અત્યંત ટેકનોલોજીના નિષ્ણાંત સામપિત્રોડાને પણ નિમંત્રણ આપવામાં આવે છે. તેઓ પણ આ તાલુકાના રણટીકરના વતની છે. તેમની પોતાની જન્મભૂમિ પ્રત્યે ખૂબ લગાવ હોવા છતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એમનું બહુ મોટું નામ બોલાય છે. તેઓ અમેરિકા રહે છે. બહુ વ્યસ્ત રહેતા હોવાથી પહોંચી શકતા નથી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ઉપયોગી નિષ્ણાંતોને નિમંત્રણ આપી બોલાવવામાં આવે છે.

શિક્ષણ ક્ષેત્રે મહર્ષિ ગુરુકુળે આ જિલ્લામાં, રાજ્યમાં આગવી પ્રતિભા ઊભી કરી દીધી છે.જેને કારણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પ્રેરણાથી વિદ્યાર્થી પ્રવેશ માટે પડાપડી કરે છે. બીજું એક કારણ શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથે થયેલ 'મિત્ર ભાવ' પણ કામ કરી રહ્યો છે.

વાલીઓની સંસ્થા પ્રત્યે ખૂબ આદર ભાવ હોવાથી આ ગુરુકુળમાં જ પોતાના સંતાનને ભણાવવાનો આગ્રહ

રાખે છે. એના મૂળમાં અભ્યાસ માટે લેવાતી કાળજી અને વાર્ષિક ઝળહળતું પરિણામ જ મધપૂડાનું કામ કરી રહ્યું છે. શિક્ષકોનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો આદરભર્યો અભિગમ પણ કામ કરી રહ્યો છે.

***નબળાને આર્થિક સહાય :-**

સંસ્થા સ્થપાયાના પ્રારંભના વર્ષોમાં આર્થિક રીતે પછાત ગણાતા વિદ્યાર્થીઓને આર્થિક સહાય ખૂબ આપવામાં આવતી હતી, પણ પછી ખોટી રીતે માંગણી થવા લાગી. તેથી જાહેર આ સહાય બંધ કરવામાં આવી. તો પણ શિક્ષકો રોજબરોજના સંપર્કથી કોણ વધારે જરૂરિયાતવાળો વિદ્યાર્થી છે, તે શોધીને સંસ્થાને ભલામણ કરે અને તેમનો અભિપ્રાય હોય તો તેવા વિદ્યાર્થીઓની ફીમાં રાહત આપવામાં આવે છે.

સમાજના કોઈ સામાજિક કાર્યકર કે સુખી વાલી કોઈ વિદ્યાર્થીને સહાય કરવાની ભલામણ કરે તો સંસ્થાનો સેવક જાતે એવા વિદ્યાર્થીના વાલીનો સંપર્ક સાધે છે. તેના ઘરે જઈને રૂબરૂ મુલાકાત કરી નજરે જોઈ, અનુભવીને જો તે અંતિમ અભિપ્રાય આપે તો તેવા વિદ્યાર્થીને પણ ફીમાં ઘણી રાહત આપવામાં આવે છે. તેમજ અભ્યાસ પૂરક જરૂરિયાતોને લક્ષમાં રાખીને વસ્તુ રૂપે મદદ કરવામાં આવે છે.

***ઝાડના પારખા ફળ પરથી :-**

આપણે જ્યારે ફળાઉ વૃક્ષો, વાડી, ખેતર કે ઘર આંગણે રોપીએ છીએ, ત્યારે તે નાનકડા છોડના સ્વરૂપમાં હોય છે. તે પાણી ખાતર અને અન્ય કાળજી થકી વૃદ્ધિ પામે છે, અને વિસ્તરે પણ છે. જ્યારે તેમાં ફળ બેસે ને ફળ પાકે, ત્યારે ખબર પડે છે કે ફળમાં મીઠાશ કેટલી? પછી વૃક્ષનું સાચું મૂલ્ય આંકી શકાય છે.

શિક્ષણનું બી બાળક જન્મે તે પહેલા માના ગર્ભમાંથી રોપાઈ જાય છે. વૃક્ષને ત્રણ ચાર વર્ષે ફળ આવે છે. પણ આ માનવ બીજને ૨૦ થી ૨૨ વર્ષે ફળ આવે છે. તેને પકવવા માટે સમાજમાં જવું પડે છે. પ્રક્રિયા લાંબી છે, પણ ધીરજ માંગી લે તેવી છે. ભણીને તૈયાર થનાર વિદ્યાર્થી જ્યારે કર્મચારી બને છે. ત્યારે તેના કાર્યની સુગંધ ક્યાં સુધી પહોંચે છે, તેના પરથી ફળની પરખ થાય છે. ભણી ગણીને વિવિધ સામાજિક સેવાઓમાં લાગી જાય તેની સેવા થકી જે પ્રતિભા સંસ્થાની ઉપસી આવે તે પરથી સાચી પરખ થાય છે.

મહર્ષિ ગુરુકુળ સ્થપાયા પછી જે વિદ્યાર્થી અહીં ભણીને કોલેજ સ્તરે જ્ઞાનની વિવિધ શાખાઓમાં પ્રવેશ મેળવી કોઈ મેડિકલમાં પ્રવેશ મેળવી ડોક્ટર થયા છે. કોઈ આયુર્વેદ અને હોમિયોપેથી કે ડેન્ટલ શાખામાં કે ફિઝિકલ શાખામાં ભણી ડોક્ટર થયા છે. એવા ૨૦૦ જેટલા ડોક્ટરો સમાજને આ સંસ્થાએ આપ્યા છે. અને ૬૦૦ જેટલા વિવિધ વિદ્યાશાખાના એન્જિનિયરો આપ્યા છે. આ ઉપરાંત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષકો અને કોલેજના અધ્યાપકો મળીને ૮૦૦ જેવી સંખ્યા સમાજ સેવામાં કામે લાગી છે.

પોલિસ, તલાટી, ઓફિસ ક્લાર્ક હિસાબનીશો તેમજ અન્ય સામાજિક સેવાઓમાં ૧૦૦ થી વધારે સેવકો સંસ્થાએ આપ્યા છે. કેટલાક પોતાના પિતાના ધંધામાં કે સ્વતંત્ર ધંધો કરવામાં લાગી ગયા છે. કોઈ વિદ્યાર્થી આર્થિક રીતે નબળો રહ્યો નથી.

હળવદ જેવા અંતરિયાળ ને પછાત વિસ્તારમાં રહેતી આમ જનતાના શિક્ષણ અને ઉન્નતિના શુભ આશયથી આ સંસ્થાએ જે સમાજસેવકો આપ્યા છે.

તેની સેવાઓની પ્રશંસા જિલ્લામાં તો થાય છે, જ પણ રમત-ગમતનાં ક્ષેત્રમાં ભાગ લઈને જે રાજ્યકક્ષાએ પહોંચીને જે સ્થાન મળ્યું છે. એનાથી સંસ્થા જરૂર ગૌરવ અનુભવે છે.

**પરિણામ :-**

છેલ્લા ત્રણ વર્ષનું સામાન્ય અને વિજ્ઞાન શાખાનું પરિણામ જોઈએ તો 80 થી 99% ની રેન્કમાં આવનારની સંખ્યા આ મુજબ છે.

સામાન્ય પ્રવાહ 2020 માં 206 સંખ્યા, 2021 માં 129 સંખ્યા અને 2022 માં 628 વિદ્યાર્થીઓએ ઉજજવળ વિજય મેળવ્યો છે.

વિજ્ઞાન પ્રવાહ 2020 માં 276 વિદ્યાર્થીઓ, 2021 માં 127 અને 2022 માં 268 વિદ્યાર્થીઓએ ઉજવળ વિજય મેળવ્યો છે.

આમાંથી કેટલાક વિદ્યાર્થી ગુણાંક મુજબ મેડિકલ, આયુર્વેદ, હોમિયોપેથી અને ડેન્ટલ તથા ફિઝિકલ ડોક્ટરો થવા પ્રવેશ મેળવી ચૂક્યા છે. તેમજ એન્જિનિયરિંગની વિવિધ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી ચૂક્યા છે.

**યુનિવર્સિટીઅભ્યાસ :-**

ડોક્ટર બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમોને આ સંસ્થામાં સ્થાન મળ્યું છે. સ્નાતક કક્ષાએ બી.એ., બી.કોમ., બી.એસ.સી., બી.બી.એ., બી.સી.એ. તથા અનુસ્નાતક કક્ષાએ માસ્ટર કોર્સ અંગ્રેજી, હિન્દી, અંગ્રેજી આ ત્રણેય માધ્યમમાં અહીં ભણાવાય છે. વ્યવસ્થિત નિષ્ણાત અધ્યાપકો વર્ગ શિક્ષણનું કામ કરે છે. આ સિવાય તમામ સર્ટિફિકેટ, ડિપ્લોમાં તથા વોકેશનલ જ્ઞાનધારાના તમામ કોર્સ ચાલે છે.

આ રીતે જોઈએ તો 12 મું ધોરણ પાસ કર્યા પછી આંબેડકર યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાનો લાભ વિશેષ લેવાય છે. જે વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા હોય, ખર્ચને પહોંચી વળાય તેમ ન હોય, ગુણાંક ક્ષમતા ન હોય તેઓ માટે આ યુનિવર્સિટી આ વિસ્તારમાં આશીર્વાદરૂપ બની ગઈ છે. મહર્ષિ ગુરુકુળે આ યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો સ્વીકારી શિક્ષણ માર્ગદર્શનનું કામ કરી રહી છે, જે પ્રશંસનીય અને આવકારદાયક બની ગયેલ છે. આખો દિવસ શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ગુરુકુળનું પરિસર ધમધમતું હોય છે. અહીં સુરક્ષા કર્મચારીઓ પ્રવેશદ્વાર પર પોતાની ફરજ ખૂબ કાળજીથી બજાવી રહ્યા છે.

જ્ઞાન એ વિશાળ સમુદ્ર છે. તેમાં ડૂબકી લગાવતા અનેક પ્રકાશ દીવડા ઝળહળી ઉઠે છે. આ બધું સહજ ને સરળ છે. પણ વિદ્યાર્થીઓની લાગણી, પ્રેમ અને અન્ય સાર્વત્રિક જરૂરિયાતને લક્ષમાં રાખી શિક્ષકો અહીં ગુરુત્વ પ્રાપ્ત કરવાનો પૂર્ણ પ્રયત્ન કરી રહ્યા છે. જ્યાં સુધી શિક્ષણ ગુરુત્વકક્ષાએ ન પહોંચે ત્યાં સુધી સ્મૃતિનું શિક્ષણ જરૂર થશે પણ અનુભવ દ્વારા જ્ઞાનનું શિક્ષણ મળી શકે નહીં. ગુરુત્વનું સ્થાન લેવા માટે વ્યક્તિએ પોતાની જાતને પ્રથમ કેળવવાની હોય છે. વિદ્યાર્થીઓને સંસ્કારનું ભાથું સાચા ગુરુત્વ પામેલા શિક્ષકો જ આપી શકે. રોજબરોજનો આત્મીય સંપર્ક અને વર્તન વ્યવહાર થકી જ ગુરુ વિદ્યાર્થીના હૃદય પ્રદેશ સુધી પહોંચી શકે. આ સ્થાને પહોંચ્યા પછી આપોઆપ કેળવણીનું કામ થવા લાગે છે. મહર્ષિ ગુરુકુળ આ દિશામાં વર્ષોથી પ્રયત્ન કરી રહ્યું છે. જેના કાર્યની સુવાસ સર્વત્ર ફેલાઈ રહી છે.

અભિનંદન તમામ સહસાથીઓને.

# "મિરેકલ મિલેટ્સ"
# "બરછટ ધાન્ય - જવ - Barley"

-પાલખીવાલા અમિતા મનુભાઈ
ભૂ. પૂ. મ. શિ. અસારવા વિદ્યાલય

'પહેલું સુખ તે જાતે નર્યા.', 'પ્રીવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર' (Prevention is better than cure) જેવી કહેવતો શારીરિક તંદુરસ્તીનું મહત્વ સમજાવે છે. આજની ફાસ્ટ લાઈફ સ્ટાઈલની સીધી અસર લોકોના આરોગ્ય પર પડી છે. જંક ફૂડ અને ફાસ્ટ ફૂડ તરફ વળેલી આજની યુવા પેઢી અજાણતા જ ઘણા બધા રોગોનો ભોગ બને છે. શરીરને ટકાવવા માટે હવા, પાણી અને ખોરાક ખૂબ જ મહત્વના છે. પરંતુ ઘણા ઓછા લોકોને એ ખ્યાલ હોય છે કે ખોરાકમાં શરીરને જરૂરી પોષક તત્વો અને ખનીજોની ઉણપના કારણે આપણે ગંભીર રોગોમાં સપડાતા હોઈએ છીએ અને આ સમસ્યા પ્રત્યે આજે દુનિયાનું ધ્યાન ગયું છે.

બીજી બાજુ સંઘર્ષ, યુદ્ધો, હિંસા, ધરતીકંપ, પલટાતી આબોહવા, દુષ્કાળ, ખાતરની ઊંચી કિંમતો વગેરેને કારણે વિશ્વ અભૂતપૂર્વ વૈશ્વિક ખાદ્ય કટોકટીનો સામનો કરી રહ્યું છે. આથી વર્તમાનમાં વૈશ્વિક ભૂખમરો અને કુપોષણની કટોકટીનું પ્રમાણ ઘણું મોટું છે. આ સંજોગોમાં યુનાઈટેડ નેશન્સ ૨૦૩૦ સુધીમાં ભૂખમરો (zero hunger) સમાપ્ત કરવા, ખાદ્ય સુરક્ષા અને કુપોષણને સમાપ્ત કરવાના તેના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે કટિબદ્ધ છે. ત્યારે ભારત સરકારના પ્રસ્તાવને સ્વીકારીને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૦૨૩નું વર્ષ આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય મિલેટ્સની વપરાશ વધારવાનો અને પોષણ સુરક્ષા નિશ્ચિત કરવાનો છે. એટલે કે આ અનાજ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી ગયું છે. એટલું જ નહીં પણ 'zero hunger' ની દિશામાં એક પગલું આગળ ભરવાની સાથે મિલેટ્સના બીજની ગુણવત્તામાં સુધારો થશે. તેની ઉપજમાં વૈવિધ્યતા આવશે અને મિલેટ્સના સ્વાસ્થ્ય લાભો વિશે પણ જનજાગૃતિમાં વધારો થશે. ભારત આ પ્રકારના ધાનનું ઉત્પાદન કરવામાં મોખરે છે.

'આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ ૨૦૨૩' માટે મિલેટ્સની જુદી જુદી જાતોમાંથી જે આઠ પ્રકારના ધાન ચિન્હિત કરવામાં આવ્યા છે, તેમાંથી ગયા અંકમાં બાજરીના ઉપયોગ વિશે કેટલીક માહિતી દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો.

હું તમને રોગપ્રતિકારક શક્તિ આપુ છું અને પેટના રોગોથી દૂર રાખું છું. મને ઓળખો છો? હું છું જવ. તો આજે આપણે જવ વિશે જાણીશું.

"ઘઉં ખાવાથી શરીર ફૂલે, ને જવ ખાવાથી ઝૂલે,
મગ ને ચોખા ના ભૂલે, તો બુદ્ધિના બારણા ખૂલે."

જવ માટેનો જૂનો અંગ્રેજી શબ્દ "બેર" હતો. પણ હવે તેને "Barley" તરીકે ઓળખવામાં આવે છે. સંસ્કૃતમાં તેને યવ(yava) કહે છે. જવ શિયાળું ઋતુમાં વવાતો ધાન્ય પાક છે. તેનું ઉદ્ભવ સ્થાન એશિયામાં માનવામાં આવે છે. કેટલાંક વિદ્વાનોનું માનવું છે કે જવ મધ્ય એશિયાથી ભારત, મેસોપોટેમીયા, સીરિયા અને મિશ્રમાં વધુ ફેલાયું હતું. ઋગ્વેદ અને અન્ય ભારતીય શાસ્ત્રોમાં મુખ્ય અનાજોમાં જવનો સૌ પ્રથમ ઉલ્લેખ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં તો તહેવારોમાં અનાજ સાથે પૂજનની બહુ પારંપરિક પ્રણાલિકા છે. ભારતીય શાસ્ત્રો પણ એ વાતની પુષ્ટિ કરે છે. પ્રાચીન સમયથી ધાર્મિક અનુષ્ઠાનો, લગ્ન, હોળી, કર્મકાંડ,

હવન વગેરે ક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતું આ સૌથી સામાન્ય અનાજ છે. કારણકે જવ શુદ્ધ સંપાદન યોગ્ય અનાજ ગણવામાં આવે છે.

જવ એ બહુમુખી અનાજ છે. તેના ઉત્પાદનની બે પ્રજાતિઓ જોવા મળે છે. એક "હેરોડિયમ ડિસ્ટિન", જે મધ્ય આફ્રિકામાં જોવા મળે છે અને બીજી પ્રજાતિ "હોર્ડીયમ વલગારે" જેની ખેતી મુખ્યત્વે યુરોપના ખેડૂતો કરે છે. ભારતમાં પણ હોર્ડીયમ વલગારે પ્રજાતિની જ ખેતી કરવામાં આવે છે. જેને ૬ હારવાળા જવ (ડૂંડીમાં દાણાની છ હરોળ હોય છે. 6 Row Barley) અથવા ફોતરીવાળા દાણા જવ પણ કહેવામાં આવે છે. અને આ પ્રકારના જવ મુખ્યત્વે પશુદાણ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઘણા ખેડૂતો લીલાચારા માટે પણ જવનું વાવેતર કરે છે જ્યારે ફોતરી વગરના દાણા અને બે હારવાળા જવનો (2 Row Barley) મુખ્યત્વે ખોરાક તરીકે કે પીણાં બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. વિશ્વના બીજા દેશોમાં પણ આનું ઉત્પાદન થાય છે.

હોર્ડિયમ વલગારે ઘાસના પરિવારનો સભ્ય છે. વૈશ્વિક સ્તરે સમશીતોષ્ણ આબોહવામાં ઉગાડવામાં આવતું આ મુખ્ય અનાજ છે. ખાસ કરીને ૧૦૦૦૦ વર્ષ પહેલા તે યુરેશીયામાં પ્રથમ ઉગાડવામાં આવતા અનાજમાંથી એક હતું. પશુ આહાર માટે ઊંચું પ્રોટિન ધરાવતા આ ધાનના ઉત્પાદનનો ૭૦% ઉપયોગ પ્રાણીઓના ચારા તરીકે થાય છે. જ્યારે ૩૦% બિયર અને અમુક પીણાં માટે આથો (fermentation)લાવવા માટે યોગ્ય સામગ્રીના સ્ત્રોત તરીકે અને વિવિધ ખોરાકના ઘટક તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

જવ ક્ષારીય જમીનમાં વધુ સારી રીતે ઉગાડી શકાય છે. શિયાળામાં અને ઠંડા પ્રદેશોમાં ઉગાળવામાં આવતા આ અનાજ માટે સિંચાઈની પણ જરૂર પડતી નથી. ઈઝરાયેલ, સીરિયા, જોર્ડન અને તુર્કમેનીસ્તાનમાં સૌપ્રથમ જવનું ઉત્પાદન નોંધાયું છે. યુક્રેન, અમેરિકા, કેનેડા, તુર્કી, ફ્રાન્સ, આર્જેન્ટીના વગેરે દેશોમાં તેનું ઉત્પાદન છે. ભારતમાં પણ બિનપિયત પદ્ધતિથી ક્ષારયુક્ત જમીનમાં તેમજ પિયત સાથે અન્ય જમીનમાં સારા એવા પ્રમાણમાં લેવામાં આવતો પાક હતો. પરંતુ આજે ઘઉંની સરખામણીમાં તેનો વાવેતર વિસ્તાર ઓછો થયો છે. જવનો પાક મુખ્યત્વે ઉત્તર ભારતમાં રાજસ્થાન, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ તેમજ ગુજરાતમાં લેવામાં આવે છે. ગુજરાતમાં પણ અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા અને ખેડા જિલ્લામાં મુખ્યત્વે વાવણી થાય છે. તેના ઉત્પાદનનો મુખ્ય ફાયદો એ છે કે ગરીબ ખેડૂતોની ઓછી ફળદ્રુપ જમીનમાં પણ તેનું વાવેતર થઈ શકે છે. ચોખાના વિકલ્પ તરીકે પણ જવનો ઉપયોગ કરી શકાય છે.

સમગ્ર વિશ્વમાં આહારશાસ્ત્રીઓ દ્વારા જવની વપરાશ માટે ભલામણ કરવામાં આવે છે. કારણ કે જવ એ જરૂરી વિટામિન્સ, ખનીજો, ફાયદાકારક વનસ્પતિ સંયોજનો તથા પોષકતત્વોથી સમૃદ્ધ છે. એટલું જ નહીં પણ જવ એ અન્ય ઘઉં ચોખાની સરખામણીમાં સસ્તુ, શુદ્ધ અને આહારમાં ઉમેરવા માટેનું અતિ સરળ અનાજ છે. તેમાં ડાયેટરી ફાઈબર, ડાયેટરી મિનરલ્સ, પ્રોટિન, કેલ્શિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, આયર્ન, વિટામિન (B-9), ઝીંક, જસત, ફોસ્ફરસ ભરપૂર માત્રામાં છે. આમ જવ ઘણા પોષકતત્વોથી સમૃદ્ધ હોવાના કારણે તેનાથી મહત્વના સ્વાસ્થ્ય લાભો પણ મળે છે.

જવમાં રહેલું ફાઈબર લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડે છે. તેમાં રહેલું પોટેશિયમ, મેગ્નેશિયમ હૃદયની તંદુરસ્તી માટે અને હાઈબ્લડ પ્રેશર ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેના વપરાશથી ચયાપચયની ક્રિયા સુધરે છે તથા તે ભૂખ ઘટાડી વજન ઘટાડવામાં ફાયદાકારક રહે છે. વળી કિડનીના તથા આંતરડાના સ્વાસ્થ્ય માટે

શરીરનું તાપમાન નિયંત્રિત કરવા, હાડકાના બંધારણ અને મજબૂતાઈના સુધારા માટે, પિતાશયની પથરી અટકાવવા અને સર્જરીના જોખમને અટકાવવા માટે તે ખૂબ જ લાભદાયી છે. ડાયાબિટીસના દર્દીઓ માટે અને ગર્ભાવસ્થા માટે પણ તે અનુકૂળ છે. તે કબજિયાત પણ ઘટાડે છે. આયુર્વેદની રીતે પણ જવની વપરાશના અનેક ફાયદા છે. તે ગળા અને ચામડીના રોગોમાં મદદકર્તા છે. અસ્થમા, કફ, શરદી વગેરે માટે પણ જવનો ઉપયોગ ફાયદાકારક છે.

ઘઉં તો પરદેશી જાણું
જવ તો છે દેશી ખાણું
મગની દાળ ને ચોખા મળે
તો લાંબુ જીવી જાણું

એવું કહેવાય છે કે જવ માનવ સભ્યતા જેટલું જૂનું છે. નિષ્ણાતોના મતે જવનો ઈતિહાસ ૮૦૦૦ વર્ષ જૂનો છે. ઋગ્વેદમાં પણ વપરાશ અંગેનો ઘણો ઉલ્લેખ જોવા મળે છે. ભારતની સૌથી જૂની સંસ્કૃતિ સિંધુખીણની સંસ્કૃતિમાં ઘઉં, સરસવ, બાજરી, કપાસ સાથે જવની પણ ખેતી દર્શાવવામાં આવી છે. આ સાબિત કરે છે કે હજારો વર્ષોથી જવનો ઉપયોગ મુખ્ય આહાર તરીકે કરવામાં આવે છે. પ્રાચીન કાળથી ઉત્તર પ્રદેશના ઐતિહાસિક પ્રદેશ અવધમાં પણ ઘઉં અને ચોખા સિવાય જવનું પણ વાવેતર કરવામાં આવતું હતું. તેના પુરાવા પણ છે. પ્રાચીન ઈજિપ્તમાં ઘઉં અને જવ રોજિંદો આહાર હતો. તેમાંથી બ્રેડ અને બિયર બનાવવામાં આવતા હતા. પ્રાચીન સમયમાં જવનો ઉપયોગ વાઈન બનાવવા માટે પણ થતો હતો. જેને સમર્થન આપતા પુરાવા પણ મળ્યા છે. આમ જવનો ઉપયોગ મોટેભાગે આલ્કોહોલિક પીણાં બનાવવામાં થતો હતો. પછી સમય જતા સાટા પદ્ધતિમાં (વસ્તુ વિનિમય પ્રથા) ચલણ તરીકે પણ તેનો ઉપયોગ જોવા મળ્યો છે. વર્તમાનમાં અમેરિકન આહારમાં જવ એ સૌથી વધુ ઉપયોગમાં લેવાતા અનાજમાંથી એક છે.

જવની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને આજે તો ખાદ્ય ઉદ્યોગમાં આ ધાનનો ઉપયોગ કરીને વૈવિધ્યસભર ચીજો બજારમાં ઉપલબ્ધ બની છે. જેમ કે જવ માંથી ઉપમા, ડોસા, ઈડલી, મીઠાઈઓ, સૂપ, સલાડ, ફ્લેક્સ, સ્ટ્યૂ(stews), મ્યુસલી(muesli), ખીચડી, પુલાવ, ચિપ્સ, ક્રંચીબાર, પોરીજ, પુડિંગ, હલવો, આઈસ્ક્રીમ, જવનું પાણી, નાસ્તા, રોટી વગેરે બનાવી શકાય છે. જાપાનમાં જવને ચોખા સાથે મિક્સ કરાય છે. કૂસ કૂસ, સફેદ પાસ્તા કે રિસોટો જેવી વાનગીઓ માટે પણ જવ એક ઉત્તમ વિકલ્પ છે. જવને પલાળીને અંકુરિત કરી વપરાશમાં લેવાથી તેમાંથી વધુ પોષક તત્વો મળી શકે છે. જો કે જાતિ, સંસ્કૃતિ અને ભૌગોલિક સ્થળો બદલાવાની સાથે તેમાંથી બનતી વાનગીઓ પણ બદલાય છે. એટલું જ નહીં પણ, વ્યક્તિની શારીરિક પ્રકૃતિ, ઉંમર, ઋતુ વગેરે અનુસાર પણ જવની વપરાશ બદલાય છે. જો કે જવમાંથી બનતી વાનગીઓની રાંધણ પ્રક્રિયા બહુ લાંબી ન હોવી જોઈએ. નહીં તો તેમાંથી પૌષ્ટિકતા જતી રહે છે.

જવ સાથે જોડાયેલી ઘણી વાર્તાઓમાંથી એક વાર્તા ભગવાન બ્રહ્મા સાથે જોડાયેલી છે. બ્રહ્માએ જ્યારે બ્રહ્માંડની રચના કરી, ત્યારે જવ પ્રથમ ફળદ્રુપ જમીનમાં ઊગેલું અનાજ હતું. આ કારણે જ નવરાત્રિના પ્રથમ દિવસે ખેડૂતો સંપૂર્ણ વિધિ અને ઉજવણી સાથે જવ ઉગાડે છે.

CGIAR સંસ્થાની મદદથી (Consultative Group on International Agricultural Research) નહીં નફાના ધોરણે કામ કરતી વિશ્વ વ્યાપી સંસ્થા ઈકાર્ડા (ICARDA - International Center

for Agricultural Research in the Dry Areas) આજે જવ સંશોધન અંગેની કામગીરી સંભાળે છે. જે અલેપો (Alipo) શહેર ખાતે સીરિયામાં આવેલી છે. ભારતમાં આ અંગેના સંશોધનની કામગીરી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ મારફત હરિયાણામાં આવેલા કર્નલ શહેર ખાતે હાથ ધરવામાં આવી છે. (કર્નલ શહેરને હરિયાણાનું પેરિસ કહેવાય છે.) ગુજરાત રાજ્યમાં જવના પાકનો વિસ્તાર ઘણો ઓછો હોઈ, સંશોધનની કામગીરી નહિવત છે. આમ છતાં ભારતમાં જવ સુધારણા માટે જે સંશોધનો થયા છે તે અનુસાર રાજસ્થાનમાં જવની તેવી જાતનું ઉત્પાદન કરવાની સલાહ આપવામાં આવે છે.

તો ચાલો, ૨૦૨૩ ના "આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ" ની ઉજવણીમાં આપણે પણ સહભાગી થઈને તેને સફળ બનાવીએ અને દેશ અને દુનિયાને તેના થકી જોયેલા સ્વપ્નોને સાકાર કરીએ અને તેના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં નાનોસૂનો પણ ફાળો આપીએ.

ચલ ભારત, ઊઠ ભારત, સંગ હમ કો ચલના હૈ,
ધરતી કે હીરો કો ફિર સે અબ ચમકના હૈ.
Stay Healthy, Stay Happy.

---

(અનુસંધાન પૃષ્ઠ 24 થી ચાલુ)

આમ ગિજુભાઈ માત્ર ભાવનગર દક્ષિણામૂર્તિના જ નહીં પણ સમગ્ર દલિતો, વંચિતોના હિતચિંતક કહી શકાય. રૂઢિચુસ્ત વિચારો ધરાવતા સમાજમાં પણ તેમણે અસ્પૃશ્યતા નિવારણનું ઉચ્ચતમ સમાજમૂલ્ય વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ થકી સમાજમાં લાવવા પ્રયાસ કર્યો હતો. ડૉ.. આંબેડકરની દલિત ઉત્થાનની ભાવના સાકાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. એક જંગમ વિદ્યાપીઠ, હરતી, ફરતી વિદ્યાપીઠ એટલે ગિજુભાઈ. સમાજમાં અસ્પૃશ્યતા નિવારણનું થકી સમાજને નૂતન મૂલ્યો સ્થાપિત કર્યા છે. ગિજુભાઈની કેળવણીને સમગ્ર રીતે સમજીને ભાવિ ભૂલકાને શિક્ષિત બનાવીએ. " A child is a complete person, has intellect, emotions, mind and understanding; has strengths and weakness and has likes and dislikes Let us understand the emotions of the child." આપણે સૌ સાથે મળી દલિત બાળકોને શાળામાં શ્રેષ્ઠ શિક્ષણ આપી સમાજને સમરસ બનાવીએ.

---

(અનુસંધાન પૃષ્ઠ 36 થી ચાલુ)

પ્રજાપતિ જેવા શિક્ષક પણ છે." ટ્રસ્ટીઓએ કહ્યું.

"સોરી સાહેબ આવું લેખિત આપવા તૈયાર નથી, મને માફ કરજો."

આટલું બોલી હર્ષ પટેલ નીકળી ગયો. બહાર જઈને માધુભાઈ સાહેબને બેસ્ટ ઓફ લક કહી ચાલતી પકડી. હર્ષ ને લાગ્યું મારી કરતાં સાહેબને નોકરીની જરૂર વધુ છે. મારી સમસ્યા કરતા તેમની સમસ્યા ગંભીર છે, વળી આ રીતે ત્યાગ કરવાથી ગુરુદક્ષિણા પણ ચૂકવાશે. વીતેલા સમયમાં નજર કરતા આ નિર્ણય ખૂબ જ યોગ્ય રહ્યો. ભૂતપૂર્વ શાળાના આચાર્યના માર્ગદર્શનથી બી.એડ. કર્યુ અને નવા પ્રવાહ હાયર સેકન્ડરીમાં ઊંચા પગારે સલામતી સાથે નોકરી મળી અને બાળકોને ઉચ્ચ શિક્ષણ આપીને સેટ કરવાનું શક્ય બન્યું ત્યાગ હંમેશા ફાયદાકારક રહે છે.

"યે હે ગીતા કા જ્ઞાન."


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# "નવમો તાસ" એક નવો ઉઘાડ

-ડૉ. મહેશ ઠાકર
આચાર્ય, નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ

એક નવો વિચાર, ઉડાન, એક નવી આશા.
સંસ્કૃતમાં એક શ્લોકમાં કહેવાયું છે કે માણસ પોતે જ પોતાના ભાગ્યનો નિર્માતા છે.

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगश्चरैवेति ॥

અર્થાત, બેઠેલાનું નસીબ બેઠેલું હોય છે. ઉભેલાનું નસીબ ઉભેલું હોય છે. સુતેલાનું નસીબ સુતેલું હોય છે. ચાલતાનું નસીબ ચાલતું હોય છે. આ સંદર્ભે વિચારીએ તો દરેક જીવે પોતે સતત કર્મ કરતા રહેવું. ગીતામાં પણ એ જ વાત ભગવાન શ્રી કૃષ્ણએ કહી છે "કર્મ કરતો જા ફળની અપેક્ષા ન રાખ" બધું જ કર્મ થકી થયા કરશે. પરંતુ બાળકો તો કોરી સ્લેટ જેવા છે. તેમની કોરી સ્લેટમાં શિક્ષણ અને કેળવણીનાં અંકન દ્વારા જ આપણે તેને સર્વાંગી વિકાસ તરફ લઈ જઈ તેની શક્તિઓને ઉજાગર કરી શકીએ. પરંતુ તે માટે મથવુ પડે. શિક્ષણ સતત પરિવર્તન માંગે છે. અને તેના વિના ચાલવાનું નથી. એટલે જ કહેવાયું છે ને....

नास्ति विद्यासमंचक्षुः। વિદ્યા સમાન કોઈ દ્રષ્ટિ નથી. પરંતુ આ દ્રષ્ટિ ભાવ સંવેદના સાથે કેળવાયેલી હશે તો જ હૃદયમાંથી પ્રગટશે. શિક્ષણ માત્ર ઔપચારિકમાંથી અનૌપચારિક બનવા તરફ જશે. કેળવણી શબ્દ આપણા કાને અથડાયા કરે છે. પણ હૃદય સુધી પહોંચતો નથી અને તેને પહોંચતો કરવો એજ સાચું શિક્ષણ. પરંતુ કેળવણીના માધ્યમ વિના તે શક્ય નથી. બીજું કે, વાસ્તવમાં આપણે કેળવણી શું છે? તે પણ સમજવામાં ભૂલ કરી બેઠા છીએ. બાળક પાંચ વર્ષનું થાય એટલે કંકુચાંદલો કરી શ્રીફળ વધેરી, શાળાના વર્ગની ચાર દીવાલો વચ્ચે બેસાડી દઈએ છીએ. તેના કરતાં પણ વધારે તો પુસ્તકોની વચ્ચે.... પરિણામે બાળસહજ ચેષ્ટા, કલ્પના અને અરમાનો તેની વચ્ચે સેન્ડવીચ થયા કરે છે.

સ્વામી વિવેકાનંદ કહે છે, "વ્યક્તિના સંપૂર્ણ વ્યક્તિત્વનું પ્રગટીકરણ એટલે કેળવણી." દરેક બાળકમાં ઘણી બધી સુષુપ્ત શક્તિઓ રહેલી છે. આ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવી, કેળવવી તે જરૂરી છે. આ માટે અમે શાળાના શિક્ષકમિત્રો સાથે ચર્ચા કરી. સૌએ પોતાના મંતવ્ય વ્યક્ત કર્યા. મોબાઈલ અને T.Vના માધ્યમોની પકડમાં આવી ગયેલા તેમને છોડાવવા કેવી રીતે.

તો એ માટે શાળા શૈક્ષણિક વર્ષ 2022-23 થી શિક્ષણના આઠ તાસમાં એક નવમો તાસ ઉમેરી દરેક તાસનું પાંચ મિનિટનું સંકલનરૂપે નવતર શૈક્ષણિક પ્રવૃત્તિનો અમલ કર્યો. પાયાનું, જીવનનું, વ્યવહારનું, સમજનું, વિચારનું, તર્ક અને બુદ્ધિની કસોટી સાથેનું મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ તેમને સમજી તેમનામાં જે ખૂટે છે તે પીરસવા માટે એક આયોજન બદ્ધ અભિગમ અને અભિક્રમ આયોજન અમલમાં મૂક્યું. વિદ્યાર્થીકક્ષા, વય અને વિષય પ્રમાણે પ્રવૃત્તિલક્ષી પ્રયોગો શરૂ કર્યા.

આ માટે, ધોરણ 1 થી 12 ના દરેક વિદ્યાર્થીને ધ્યાનમાં લઇ તેમના પાયાના ઘડતરથી એક અભ્યાસક્રમ ધોરણ પ્રમાણે કરવામાં આવ્યો છે. જેના પ્રમાણે

(અનુસંધાન પૃષ્ઠ 35 ઉપર)

# કેળવણી કોને કહીશું?

- કાંતિલાલ જો. પટેલ (ડુઘરવાડા)

બાળકને કહીશું પેલી કવિતા બોલી જાજો! તો તે આખી કવિતા સડસડાટ બોલી જશે.

"જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલી થાજો
ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો"

પણ તેને કહેવામાં આવે કે, મને તરસ લાગી છે. પ્યાલુ ભરી લાવજો! તો બહાનું બતાવી ચાલ્યો જશે. આ સાચી કેળવણી કહી શકાય? તેમાં જીવન કેળવવાની કળા છે? તે કાવ્ય દોહરાવવામાં આવે પણ તેનું હાર્દ આશય સમજાવવું પડે.

કવિતા બોલી ગયો એ શિક્ષણ છે. પાણી લાવે તે કેળવણી છે. શિક્ષણમાં કેળવણીનો અભાવ હોવાથી માનવ માત્ર ક્લાર્ક કે કહેવાતા સાહેબો જ બને છે. આજે સેવાભાવની જરૂર છે. આજનો વિદ્યાર્થી શિક્ષિત જરૂર છે, પણ સુશિક્ષિત નથી. તેને પદવી આપવાની વ્યવસ્થા છે. તેવી માણસાઈની પદવી આપવાની જોગવાઈ કરવી જોઈએ. તે આચરણીય બનવો જોઈએ.

આજનું શિક્ષણ અર્થપૂર્ણ ઉત્તમ આચરણીય જીવન પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું નથી. આજનો માનવ ૐ માંથી બોમ સુધી પહોંચી ગયો છે. તેને ૐ તરફ વાળવાનો સમય પાકી ગયો છે. ભ્રષ્ટાચારના ભોરિંગથી ભલી ભોળી ભારતભૂમિના ભણતા ભૂલકાં ભરડાઈ રહ્યા છે. તે સદપ્રવૃત્તિ વિચારી શકતા નથી. જ્યાં ત્યાં પ્રવર્તમાન ગેરશિસ્ત, અશાંતિ ઊભી થઈ છે. આ કેળવણીનો અભાવ છે.

આજના કૂદકે ને ભૂસકે આગળ વધી રહેલ મજબૂત રાષ્ટ્રનિર્માણ માટે કેવા પ્રકારના શિક્ષણની જરૂર છે? હેડ, હાથ-પગ અને હૈયાની ખીલવણી માટેની ભૂમિકા કેવી હોવી જોઈએ ? મૂલ્યલક્ષી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રેમ, સહકાર, શાંતિ, ભાઈચારો, દયા, સેવા, સ્વચ્છતા જેવા ગુણોનો વિકાસ કરે.-તેવી કેળવણી હોવી જોઈએ.

૧૫-૨૦ વર્ષ પછી કેવા રાષ્ટ્રની જરૂર છે ? રાષ્ટ્રીય અનુસાસનની ભાવના પ્રબળ બનાવવા, રાષ્ટ્રનિર્માણના ઘડવૈયા તૈયાર કરવા, આજના નવા ભારતના શિલ્પીઓમાં પ્રેમભર્યું, પ્રાણદાયી શિક્ષણ આપવા, જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરી સરળતાથી બહાર નીકળવા, તેઓનામાં નવો ઉત્સાહ, ખંત, રુચિ વધારવા નવી તરાહની કેળવણી આજના શિક્ષણમાં વણી લેવી જોઈએ. મૂલ્યલક્ષી શિક્ષણ માટે શાળાનું વાતાવરણ સ્વતંત્ર ઉત્સાહજનક હોવું જોઈએ.

આજના નવજાત શિશુને કઈ દિશામાં લઈ જવા માંગીએ છીએ? તેને અનુરૂપ "પાઠ્યપુસ્તકોમાં કેવા પાઠોની જરૂર છે?" શિક્ષણથી શિક્ષિત બનાવાય પણ તે સંસ્કારી તો કેળવણીથી જ બને. તેમાં વહીવટી કૌશલ્યોનું પણ મહત્વ છે. જે જ્ઞાન પ્રાપ્ત થાય તેનાથી જીવનમાં રૂપાંતરની પ્રક્રિયા દ્વારા આત્મોન્નતિ થાય. યુવા પેઢીમાં લોકશાહી માટે સુચારુ સફળ નેતૃત્વ કેળવાય.

વિનોબાજીના શબ્દોમાં કહીએ તો બ્રહ્મવિદ્યામાં માનવીય ચેતનાને ઉધર્વીકરણ કરે એ સાચી કેળવણી છે.

ગાંધીબાપુના મતે, કેળવણી એટલે બાળકના શરીર, મન અને આત્માના અંશનું આવિષ્કરણ.

સ્વામી વિવેકાનંદના મતે, કેળવણી એટલે માનવમાં રહેલ પૂર્ણતાનો અવિર્ભાવ.

દુનિયાના ફિલસૂફો, કેળવણીકારો, સાધુ-સંતો, પંડિતો, સાહિત્યકારો વગેરેના મંતવ્યોએ સ્પષ્ટતા કરી છે કે

"સા વિદ્યા યા વિમુક્તયે", "વિદ્યા પરમો ધર્મ", "વિદ્યા વિનયથી શોભે"

વિદ્યાર્થી એકલવ્ય અને અર્જુનની જેમ એક ચિત્તે ભણે. તેના અંતરમાં અને અંતઃકરણમાં બાઝેલ અજ્ઞાનરૂપી અંધકારના બાવલાં નાશ પામે. પોતે પોતાનો શિક્ષક બની જાતે કેળવાય. નમ્ર બને, તે ઊંચે આવી શકે. તે ચારિત્ર્યવાન, કર્તવ્યનિષ્ઠ, ઉદાર, ક્ષમાશીલ બને તે સાચી કેળવણી.

માનવ એકબીજાની મદદગાર હિતેષુ બને. પૂર્વગ્રહો, જડતા, જનુન, જડમૂળ થાય. કોઈપણ વસ્તુ કરકસરપૂર્વક કેળવીને વાપરે, સદગુણ ગ્રહે, અવગુણ આઘા કરે. હકારાત્મક વલણ કેળવે. વિવેક વિકસિત કરે. સારા નરસાનો ભેદ પારખે. દારિદ્ર નારાયણની સેવા કરે. તે વ્યક્તિ નિજ જીવન વ્યવહારના નિર્ધારિત લક્ષો સિદ્ધ કરી શકે. પોતે પોતાનામાં રહેલ શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ કરવાની ક્ષમતા કેળવે. એ સાચી કેળવણી છે. આવી કેળવણીથી જ માનવ પુરુષમાંથી પુરુષોત્તમ બની શકે. અંધકારમાં પ્રકાશના કિરણ ફેલાવે.

અંતે જન્મથી મરણ સુધીના સઘળા વાતાવરણની અસરો, વ્યવહારો નરમાંથી નારાયણ બનાવે તે કેળવણીનું કર્તવ્ય છે. ઉપદેશ કરતા આચરણ અગત્યનું છે.

શિક્ષણે સ્વાર્થના દાવ પેચ ખેલાય,
તો તેથી બાળ પિલાય, રાષ્ટ્ર વિલાય.
કેળવણીનો જો ઉજાસ રેલાય તો,
ઘેર ઘેર આનંદ ઉલ્લાસ ફેલાય.

---

(અનુસંધાન પૃષ્ઠ 33 થી ચાલુ)

વિદ્યાર્થીને નિયમિત કરતાં જુદી પદ્ધતિથી સાચી જોડણી લખવાની પદ્ધતિ, ગુણાકાર-ભાગાકાર, સરવાળા-બાદબાકી જેવી વૈદિક અને સરળ પદ્ધતિ દ્વારા ગણતરી, અંગ્રેજીમાં ઉચ્ચારણ, આપણી ભાતીગળ સંસ્કૃતિ, વારસા વિશે, આંગળાનો જાદુ જેવા નવતર પ્રયોગો દ્વારા, પંચતંત્રની વાર્તાઓ દ્વારા, દેશદાઝ અને સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચનની સાથે સાથે દેશમાં આવતા રાજકીય પ્રવાહો, બદલાવ, નક્ષત્રની અસરો ગ્રહથી માનવજીવન પર અસર, દાદીમાનું વૈદુ જેવા નાના અને સરળ ઉપયોગી, જે વિદ્યાર્થી જાતે પણ કરી શકે તેવા વ્યવહાર ઘડતરના પ્રયોગો શરૂ કર્યા. મુક્ત મને વર્ગમાં ગાઈ શકે, નાચી શકે, બોલી શકે, કહી શકે તેવી અવનવી પ્રવૃત્તિ દ્વારા તેમની અભિવ્યક્તિને વાચા આપતા કૌશલ્ય રોપવાનું કામ શરૂ કર્યું. જેનાથી વાલીઓ પણ રાજી થયા. તેમનો પણ હકારાત્મક પ્રતિભાવ મળ્યો અને પરિણામે આ વર્ષે પણ અમે અમારો નવમો તાસ જેની દરેક બાળક આતુતાથી રાહ જૂએ છે તેનું આયોજન કર્યું છે. તે રીતે શૈક્ષણિક કામ થઈ રહ્યું છે.

પ્રવર્તમાન પરીક્ષાઓ માદક વ્યસન જેવું કામ કરતી હોય છે. જેમ વ્યસનનો કેફ ઊતરી જતાં વ્યસની શિથિલ બને છે તેમ પરીક્ષાનો કેફ ઊતરી જતાં વિદ્યાર્થીઓ શિથિલ બનતા જોવા મળે છે.

# ગુરુદક્ષિણા

- હીરાલાલ એન. છોડવડીયા

ટી.વી. ઉપર એક સંતનું પ્રવચન ચાલતું હતું. ખૂબ સરસ વાત કરી તેમણે. ખરાબ વસ્તુ કે આદતનો જ્યારે ત્યાગ કરો છો, ત્યારે તમે ગુમાવતા કશું નથી, પરંતુ ખૂબ જ મેળવો છો. કોઈ બીડીનો વ્યસની વ્યક્તિ બીડીનો ત્યાગ કરે છે, ત્યારે તે મેળવે છે સારું સ્વાસ્થ્ય. રોજના પૈસાની બચત. લાંબાગાળે મોટો આર્થિક લાભ, અને આ ઉપરાંત બીજા ઘણા લાભો.

હર્ષ ભૂતકાળમાં સરી ગયો. જૂની એસ.એસ.સી. (ધો-૧૧) માં ફર્સ્ટ ક્લાસ આવ્યા પછી કોમર્સ કોલેજમાં એડમિશન લીધું. સવારની કોલેજ. બપોર પછી ફ્રી એટલે શાળાના આચાર્યને મળવા ગયો અને તેમણે પ્રાથમિક શાળામાં પાર્ટ ટાઈમ શિક્ષક તરીકે જોડાવાની ઓફર કરી અને તે જોડાઈ ગયો. આચાર્યની સલાહ અને માર્ગદર્શનથી ગૂજરાત વિદ્યાપીઠમાં હિન્દી શિક્ષક સનદ જુનિયર (H.S.S) માં એડમિશન લીધું અને એક વર્ષમાં તો (H.S.S) ડિગ્રી મેળવી લીધી. શોખથી બે વર્ષ પ્રાથમિક શિક્ષકની નોકરી કરી છોડી દીધી. બી.કોમ. ના અંતિમ વર્ષમાં તનતોડ મહેનત કરી ૬૨% ગુણ મેળવ્યા. કુટુંબની આર્થિક પરિસ્થિતિ મુજબ નોકરી ખૂબ જ જરુરી હતી. ભાઈ-ભાભી અને તેમના બે સંતાનો અને નિવૃત્ત પિતાજી. પરિવારમાં સભ્યો કમાનાર એક અને ખાનાર છ વ્યક્તિ. આ પરિસ્થિતિમાં નોકરી બધી જ રીતે જરૂરી હતી. એ સમયે નોકરીની જાહેરાતો જોતા પાલડીની એક શાળામાં પ્રાથમિક વિભાગમાં હિન્દી શિક્ષકની જાહેરાત જોવા મળી અને બધા સર્ટિફિકેટ સાથે ઓપન ઈન્ટરવ્યૂમાં બે બસ બદલી પહોંચી ગયો.

બસ પણ મોડી મળતા ઈન્ટરવ્યૂમાં છેલ્લા ઉમેદવાર તરીકે ઈન્ટરવ્યૂમાં પહોંચ્યો. બે વર્ષનો અનુભવ અને ગ્રેજ્યુએશનમાં પણ ફર્સ્ટ ક્લાસ એટલે ઈન્ટરવ્યૂ બાદ બહાર બેસવાનું કહ્યું. ઉતાવળમાં ઈન્ટરવ્યૂમાં સીધો અંદર ગયો હતો એટલે બહાર બેસાડેલ બીજા ઉમેદવારો તરફ ધ્યાન નહોતું ગયું. ઈન્ટરવ્યૂ બાદ નજર કરતાં પોતાની જ પ્રાથમિક શાળાના હિન્દી શિક્ષક શ્રી માધુભાઈ પ્રજાપતિ નજરે પડ્યા. શિક્ષકને પ્રણામ કરી ખબર અંતર પૂછતા જાણવા મળ્યું કે હિન્દીના ગુરુજી છેલ્લા ચાર માસથી બેકાર છે. ખાનગી પ્રાથમિક શાળામાં કોઈ સરકારી કે અન્ય રક્ષણ નહીં તેથી જે શાળામાં નોકરી કરતા હતા તેના કોઈ સંબંધીની છોકરીની ભલામણથી તેને નોકરી પર રાખી આમને છુટા કર્યા હતા. નાનું બાળક અને પત્ની સાથે ભાડે રહેતા શિક્ષકની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. આ નોકરી ન મળે તો ખૂબ જ ખરાબ સંજોગ ઊભા થઈ શકે તેવા હતા. મકાનનું ત્રણ માસનું ભાડું ચડી ગયું હતું. મકાન માલિકે ભાડું ચૂકવો અથવા મકાન ખાલી કરવા જણાવ્યું હતું. પોતાની કથની કહેતા સાહેબની આંખમાં આંસુ આવી ગયા હતા.

ઈન્ટરવ્યૂ બાદ ત્રણ ઉમેદવારને બેસાડ્યા હતા. જેમાંથી એકની પસંદગી થવાની હતી. તે પૈકી એક હર્ષ પોતે અને માધુભાઈ પ્રજાપતિ અને અન્ય એક વ્યક્તિ હતા. પ્રથમ હર્ષ પટેલને બોલાવ્યા. ઈન્ટરવ્યૂ લેનાર ટ્રસ્ટીઓએ કહ્યું "અમારી પહેલી પસંદગી તમારી છે. હિન્દી શિક્ષક તમે જુનિયર એચ.એસ.એસ. પાસ કરેલ છે. વળી બી.કોમ. માં પ્રથમ વર્ગ છે, પરંતુ તમારે બે વર્ષ ઓછામાં ઓછી નોકરી કરશો તેવું લેખિતમાં આપવું પડશે."

"આવું લેખિત ના આપું તો?"

"અમારી પાસે ૧૫ વર્ષના અનુભવી શ્રી માધુભાઈ

(અનુસંધાન પૃષ્ઠ 32 ઉપર)

# અંગ્રેજી ગેસ્ટ ભાષા છે, જ્યારે માતૃભાષા બેસ્ટ ભાષા છે.

-વિઠ્ઠલભાઈ વઘાસિયા
નિવૃત્ત પ્રિન્સિપાલ,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ,
રાજકોટ.

'વિચાર,સ્વપ્ન,લાગણી,રુદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં રજૂ થાય,તે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય.'

જૂન મહિનો આવે,વેકેશન ખૂલે એટલે દુનિયા આખીમાં ક્યાંય ન પૂછાતો પ્રશ્ન ભારતના વાલીઓ પૂછવા લાગે છે,'મારા સંતાનના શિક્ષણનું માધ્યમ માતૃભાષામાં કે અંગ્રેજીમાં???

આ સવાલ વિચિત્ર લાગે કે નહીં ? આમાં વળી પૂછવાનું શું હોય ? આમાં બે મત હોય જ શી રીતે ? ગધેડાનાં બચ્ચાંને પૂછવામાં આવે કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં ?તો એ શું કહેશે !

બાળકને શિક્ષણ કઈ ભાષામાં આપવું જોઈએ જેથી તેની કારકિર્દી વધુ સુદ્રઢ બને, તેની ચિંતામાં આજના મા-બાપ રહેતા હોય છે. અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનું ચલણ આજકાલ વધારે જોવા મળે છે. આજે નાના મોટા શહેરોમાં વાલીઓ પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પ્રવેશ અપાવવા આકાશ પાતાળ એક કરતા હોય છે. અંગ્રેજી માધ્યમમાં બાળકોને શિક્ષણ આપવાથી જ તેની કારકિર્દી વધુ સક્ષમ બને છે, તેવી માન્યતા આજના વાલીઓમાં જોવા મળે છે.

બાળક જે પરિવારમાં કે સમાજમાં જન્મે છે એ પરિવાર કે સમાજમાં જે ભાષા બોલવામાં આવતી હોય કે વ્યવહાર કરવામાં આવતો હોય, બાળક એ જ પ્રમાણે બોલતા શીખે છે અને વ્યવહાર કરે છે. આ સર્વ વિદિત વાત છે. બાળક જ્યારે જન્મે છે, ત્યારે 'ઊંવા ઊંવા' જેવું રુદન કરે છે. આ 'ઊંવા ઊંવા' રુદન દરેક ભાષાના બાળકોમાં સમાન હોય છે. બાળક બોલતાં શીખે ત્યારે સૌ પ્રથમ 'મા' કે 'બા' શબ્દથી બોલવાની શરૂઆત કરે છે. બાળક 'મધર' બોલીને બોલવાની શરૂઆત કરતું નથી !

ગર્ભાવસ્થા દરમિયાન બાળકનું સંપૂર્ણ શારીરિક બંધારણ ઘડાતું હોય છે, તેમ તેનું માનસિક બંધારણ પણ ઘડાતું હોય છે. તેના માનસિક બંધારણ ઉપર મોટેભાગે તેની માતાના વર્તન, વ્યવહાર, જીવનશૈલી અને આસપાસના વાતાવરણનો ઘણો પ્રભાવ હોય છે. સંભળાતી ભાષા ઉપરથી ભાષાને ઝીલવાની, સમજવાની અને શીખવાની ક્ષમતા માનવ મસ્તિષ્કમાં છે અને આ ક્ષમતા બાળક ગર્ભમાં હોય ત્યારથી જ કાર્યરત થઈ જાય છે. બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીમાં બાળકનું મગજ કાને પડતી ભાષાને ગ્રહણ કરવામાં અત્યંત કુશળ બની જાય છે. બાળકને સાંભળવાની તકલીફ ન હોય તો તે સાંભળી સાંભળીને જ માતૃભાષા શીખી જાય છે.ગર્ભમાંથી જ બાળક માતાની ભાષા શીખવા લાગે છે. તેથી જ તે માતૃભાષા કહેવાય છે. બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધીમાં તો માતૃભાષાના બે હજાર જેટલા શબ્દો તેના અર્થ અને ભાવ સાથે શીખીને તેને અનુભવમાં પણ લઈ લે છે. અંગ્રેજી માધ્યમમાં એક થી દસ ધોરણ સુધી ભણ્યા પછી પણ બાળક અંગ્રેજી ભાષાના તેટલા શબ્દોનો ભાવ અને અનુભવનો સાક્ષાત્કાર નથી કરી શકતું.

માતૃભાષામાં બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે.જે ભાષામાં બાળક ઊછર્યું હોય તે જ ભાષામાં ગ્રહણ

શક્તિ, સમજશક્તિ અને વિચારશક્તિ ખીલે છે. મગજ એક કોમ્પ્યુટર છે. આ કોમ્પ્યુટરની સૌથી વધુ બંધ બેસે તેવી ભાષા માતૃભાષા છે.

ઘરમાં બોલાતી ભાષા એ જ શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે. મનોવૈજ્ઞાનિકો, બાળ માનસશાસ્ત્રીઓ અને બાળરોગ ચિકિત્સકો પણ માને છે કે ઘર અને નિશાળની ભાષા જુદી પડે ત્યારે બાળક મૂંઝાય છે, મુરઝાય છે. લઘુતા ગ્રંથિનો ભોગ બને છે. ક્યારેક તો ઘેરી માનસિક હતાશાનો ભોગ બને છે. તેનો બૌદ્ધિક વિકાસ પણ રૂંધાય છે.

બાળક માના ખોળામાં જેટલું ખીલે એટલું આયાના ખોળામાં ન ખીલે ! આ સીધી અને સરળ વાત આજે અચાનક અઘરી કેમ બની ગઈ હશે ! અંગ્રેજી ગેસ્ટ ભાષા છે,માતૃભાષા બેસ્ટ ભાષા છે. મહેમાનની ઊંચી સરભરા ભલે કરો, પણ મમ્મી પપ્પાને બહાર હાંકી કાઢીને મહેમાનને ઘરમાં સ્થાન ન જ અપાય. માતૃભાષાના માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓને લગભગ આઠ નવ ધોરણ સુધી ટ્યુશન રાખવું પડતું નથી. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને શરૂઆતથી ટ્યુશન શા માટે કરાવવું પડે છે ? માતૃભાષા દરવાજા જેવી છે.અંગ્રેજી ભાષાને બારી કહી શકાય. બારી બહાર ડોકિયું કરવા કામ લાગી શકે, પણ આવાન જાવન તો દરવાજા દ્વારા જ થઈ શકે. વિચાર, સ્વપ્ન, લાગણી, રુદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં રજૂ થાય તે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય. માતૃભાષાની મહત્તા માટે જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ શાહે ખૂબ જ સાચું તેમજ મજાનું સ્લોગન આપ્યું છે, 'માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.'

આથી જ માતૃભાષામાં વિચારો સરળતાથી વ્યક્ત કરી શકે છે. લખતાં કે વાંચતા મુશ્કેલી પડતી નથી. માતૃભાષામાં શિક્ષણ આપવાથી બાળકનો ઉત્તમ વિકાસ થાય છે. માતૃભાષા દ્વારા મળતું શિક્ષણ બાળક જલદી ગ્રહણ કરી લે છે. માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવતાં બાળકો ઉત્તરોત્તર પ્રગતિ કરી શકે છે. એક વખત માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવી લીધા પછી બાળકને અન્ય ભાષા શીખવવામાં સરળતા રહે છે. આથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માતૃભાષા દ્વારા જ આપવું જોઈએ. નવી શિક્ષણ નીતિ 2020માં પણ માતૃભાષામાં શિક્ષણ આપવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

માતૃભાષામાં શિક્ષણ આપવાથી બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય છે. માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાથી બાળકોમાં આદર્શ ગુણોનો વિકાસ થાય છે. બાળકોનો સર્વાંગી વિકાસ આપણી માતૃભાષામાં શિક્ષણ આપવામાં જ રહેલો છે. માતૃભાષામાં શિક્ષણ આપવાથી સંસ્કારો અને સંસ્કૃતિ બંને જળવાઈ રહે છે.

કૃષ્ણએ સાંદિપની ઋષિના આશ્રમમાં રહીને વિદ્યા પ્રાપ્ત કરી હતી. વિદ્યા પૂરી થયા પછી ઘરે પાછા ફરતા હતા, ત્યારે ગુરુએ કહ્યું, 'વરદાન માંગો.' કૃષ્ણએ માંગ્યું, 'मातृ हस्तेन् भोजनम्।' અર્થાત મરતા સુધી મને માતાના હાથનું ભોજન મળે. આપણને વિચાર થાય છે કે, તે બાળકોની શી વલે થતી હશે, જેમને ક્યારેય માતાના હાથનું ખાવાનું ભાગ્ય સાંપડ્યું નથી ! ક્યાંક હોટલમાં ખાય છે, તો વળી ક્યાંક ભોજનાલયમાં. માતાના ભોજનમાં માત્ર રોટલો નથી હોતો, પરંતુ પ્રેમ પણ હોય છે. એટલા માટે જ કૃષ્ણએ 'मातृ हस्तेन् भोजनम्।' એવું વરદાન માંગ્યું હતું એવી જ રીતે આપણે કહેવું જોઈએ કે, 'मातृ मुखेन् शिक्षणम्।' એટલે કે માતાના મુખેથી શિક્ષણ મળે. એ જ વાત માતૃભાષાને લાગુ પડે છે.

મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય એમાં શંકાને કોઈ સ્થાન નથી.દુનિયામાં એવો બીજો કોઈ દેશ નથી કે જ્યાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવાને બદલે બીજી કોઈ ભાષા હોય ! જરા ફ્રાન્સમાં, જર્મનીમાં કે રશિયામાં જઈને કહો તો ખરાં કે તમને તમારી માતૃભાષા દ્વારા નહીં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવામાં આવશે ! તો એ લોકો તમને સાવ મૂર્ખ ગણીને તમારી વાતને હસી કાઢશે.

જાપાન અને જર્મનીમાં સર્વેક્ષણ થયા છે. તેના તારણોમાં એવું જાણવા મળ્યું છે કે માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેસ કેપેસિટી વધારે હોય છે. જે તેને જિંદગીના બધા પડકારો જીલવા માટે સક્ષમ બનાવે છે. અંગ્રેજી ભાષાનો વધુ ને વધુ પ્રચાર કરવા માટે ચીનનું ઉદાહરણ આપવામાં આવે છે કે આજે ચીનમાં પણ લોકો અંગ્રેજી બોલતા શીખી રહ્યા છે. પણ ચીનમાં સમાન સ્કૂલ વ્યવસ્થા રચાઈ છે, તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. આજે ચીન જે સફળતાએ પહોંચ્યું છે, તેના પરથી આજે પણ ચીન સ્વીકારે છે કે શિક્ષણ તો માતૃભાષામાં જ આપવું જોઈએ.

ઈઝરાયલ દેશ કે જે આપણા દેશનો દસમો ભાગ પણ નથી. એવો આ દેશ વિજ્ઞાન ક્ષેત્રમાં આપણાથી ઘણો આગળ છે. તેમજ આપણાથી દસ ગણા વધુ નોબલ પુરસ્કારો પણ મેળવ્યા છે. તેનું કારણ માત્ર એ જ છે કે તે દેશનાં બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવે છે. તેવી જ રીતે રશિયા,ફ્રાંસ,ચીન અને જર્મન જેવા દેશોમાં એમની જ માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. આ દેશોમાંથી કોઈપણ દેશ પ્રગતિમાં પાછળ નથી. મોરારીબાપુ કહે છે, 'અંગ્રેજી કામની ભાષા છે, તેથી તેની પાસેથી કામવાળીની જેમ કામ લેવાય, પણ ગૃહિણીનું સ્થાન તો ન જ અપાય.'

સ્વીડનની સ્ટોક હોમ યુનિવર્સિટીના ડૉ.કેરોલ બેન્સને પોતે હાથ ધરેલો એક વિસ્તૃત અભ્યાસ અહેવાલ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસનો વિષય હતો, 'The importance of mother tongue - based schooling for educational quality.' તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં 1970થી માંડીને થયેલા અનેક સર્વેક્ષણો, અભ્યાસો અને સંદર્ભોને પોતાના શોધ લેખમાં ટાંક્યા છે. આ શોધ લેખમાં રજૂ થયેલી વિગતો અને તારણો ખૂબ રસપ્રદ છે. શ્રી પટનાયકના સર્વેક્ષણનો સંદર્ભ ટાંકીને ડૉ.કેરોલ બેન્સને ભારતની પણ વાત કરી છે, ભારતમાં ત્રણ ભાષા ભણાવવામાં આવે છે : પ્રાદેશિક ભાષા, રાષ્ટ્રભાષા - હિન્દી અને આંતરરાષ્ટ્રીય ભાષા - અંગ્રેજી. જે વિદ્યાર્થીની પ્રાદેશિક ભાષા માતૃભાષા નથી, તેવા વિદ્યાર્થીઓ ખૂબ તકલીફ અનુભવે છે.

આપણા દેશની વિવિધ ક્ષેત્રની પ્રતિભા સંપન્ન વ્યક્તિઓના જીવનમાં જો ડોકિયું કરવામાં આવે તો જોવા મળશે કે મોટાભાગે એ બધાએ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લીધું છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પોરબંદરની અને રાજકોટની શાળામાં ગુજરાતી માધ્યમમાં ભણ્યા હતા. ગાંધીજીએ લખ્યું છે, માતાના ધાવણ સાથે જે સંસ્કાર અને જે મધુર શબ્દો મળે છે, તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફત કેળવણી લેવામાં તૂટે છે. માતૃભાષાનો જે અનાદર આપણે કરી રહ્યા છે, તેનું ભારે પ્રાયશ્ચિત આપણે કરવું પડશે. મહાત્મા ગાંધી ગુજરાતી માધ્યમમાં ભણ્યા હોવા છતાં એક સરેરાશ અંગ્રેજ કરતાં મહાત્મા ગાંધીનું અંગ્રેજી વધારે સારું હતું. તેમ

છતાં પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' તેમણે માતૃભાષા ગુજરાતીમાં લખી હતી.

'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ માટે નોબલ પ્રાઈઝ પ્રાપ્ત કરનાર રવીન્દ્રનાથ ટાગોર અને અર્થશાસ્ત્ર માટે નોબલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર અમર્ત્યસેન પોતાની માતૃભાષા બંગાળીમાં ભણ્યા હતા. તેમ છતાં બંને નોબલ પ્રાઈઝ પ્રાપ્ત કરી શક્યા. તેમને અંગ્રેજી માધ્યમમાં ન ભણવાથી કોઈ નુકસાન થયું હોય તેવું જોવા મળતું નથી. અંગ્રેજી ભાષા સાથે જોડાવાથી પશ્ચિમ સંસ્કૃતિના આંધળા અનુકરણમાં ખૂબ વૃદ્ધિ થઈ શકે છે અને તેની સાથે જ આપણી મહાન સંસ્કૃતિ ક્ષતિ પામે છે.

વિજ્ઞાન ક્ષેત્રે નોબલ પુરસ્કાર જીતનાર સી.વી. રામને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં લીધું હતું. વિખ્યાત અણુવિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ પોતાની માતૃભાષામાં ભણ્યા હતા. પદ્મશ્રી, પદ્મભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ વગેરે અનેક ખિતાબો, એવોર્ડ્સ અને ઈનામો પ્રાપ્ત કરનાર, સાયન્સ અને એન્જિનિયરિંગના વિષયમાં પચીસ જેટલી યુનિવર્સિટીઓમાંથી જેમણે ડોક્ટરેટ કરેલું છે, એવા અરૂણભાઈ ગાંધીએ બાબુ અમીચંદ પન્નાલાલ સ્કૂલમાં એસ. એસ. સી. સુધીનો અભ્યાસ ગુજરાતી માધ્યમમાં કર્યો હતો.

અવકાશયાત્રા દરમિયાન પોતાનો જાન ગુમાવનાર અને વિશ્વભરમાં પોતાનું નામ રોશન કરનાર કલ્પના ચાવલાએ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો હતો. સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા તરીકે જે ઓળખાય છે, તે બાબાસાહેબ આંબેડકરે પોતાનું શિક્ષણ માતૃભાષામાં લીધું હતું.

જાણીતા ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીએ ચોરવાડની ગુજરાતી શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું. મોટા ઉદ્યોગપતિ, સમર્થ અગ્રણી અને બુદ્ધિ પ્રતિભાના ધારક એવા શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ગુજરાતી માધ્યમમાં ભણ્યા હતા.

અંગ્રેજી માધ્યમમાં ભણવાથી બાળક ખૂબ સ્માર્ટ બને છે.ખૂબ વિકાસ પામે છે.ખૂબ હોશિયાર અને સફળ થાય છે, તે નર્યો ભ્રમ છે. સફળતા કે સિદ્ધિને ભાષા સાથે નહીં, પરંતુ જ્ઞાન કે બુદ્ધિ સાથે સંબંધ હોઈ શકે. બધા જ અંગ્રેજ અને અમેરિકન સિદ્ધિના શિખરે છે, તેવું નથી અને બધા બિન અંગ્રેજ ભાષકો બેહાલ છે, તેવું પણ નથી. ભૌતિક ક્ષેત્રે હરણફાળ ભરનાર જાપાન અને ચીન જેવા દેશોએ માતૃભાષાનો જ મહિમા કર્યો છે.

બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાથી બે ફલશ્રુતિ બહાર તરી આવે છે : બાળક લઘુતાગ્રંથિથી પીડાય છે અને મા-બાપ ગુરુતાગ્રંથિથી ! અભિવ્યક્તિ ગ્રહણ કરવાની ક્ષમતા તથા સમજણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ માતૃભાષા છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ એ માત્ર શક્ય કે સફળ જ નથી, પરંતુ અંગ્રેજી માધ્યમના ભણતર કરતાં તેનાથી ખૂબ સારાં પરિણામો જોવા મળ્યાં છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની બીજી ભાષા અંગ્રેજી પણ ખૂબ સારી હોય છે. માતૃભાષાના સહારાથી તેમને તે બીજી ભાષામાં પણ ખૂબ સારી ફાવટ આવી જાય છે. બંને ભાષામાં તે વિદ્યાર્થી પાવરધો બને છે.

વિદ્યાર્થી માતૃભાષામાં વર્ગની દરેક પ્રવૃત્તિઓમાં ખૂબ ઉત્સાહથી ભાગ લે છે.બાળકની અભિવ્યક્તિ ખૂલે છે અને પ્રતિભા બહાર આવે છે. માતૃભાષાને કારણે બાળકો વિશેષ પ્રોત્સાહિત થાય છે. પોતાના જ્ઞાન અને અનુભવ નિઃસંકોચ રજૂ કરવાની બાળકને તક મળે છે. માતૃભાષા મગજના કમ્પ્યુટરની ભાષા છે. તેથી અન્ય ભાષાના શબ્દો કે વાક્ય પ્રયોગોનું પહેલા આ કમ્પ્યુટર

માતૃભાષામાં રૂપાંતર કરશે. પછી વિષય વસ્તુને સમજવા માટે મગજનો ઉપયોગ કરશે. મગજની ઘણી બધી શક્તિ તો ભાષાંતરનો વ્યર્થ વ્યાયામ કરવામાં જ વપરાઈ જશે. માતૃભાષામાં ભણનાર બાળકના મગજની પૂરી શક્તિ વિષય વસ્તુને સમજવામાં વપરાય છે. માતૃભાષામાં શિક્ષણ લેનાર બાળકો વધુ હોશિયાર હોય છે, તેનું આ રહસ્ય છે.

બેબી ફૂડની જાહેરાત ગમે તેટલી આકર્ષક કેમ ન હોય, પણ સમગ્ર સંસાર એ વાત જાણે છે કે, માતાના દૂધની બરાબરી કોઈ જ બેબી ફૂડ કરી શકે નહીં. બસ,આટલો જ ભેદ, માતૃભાષા અને અન્ય ભાષા વચ્ચે છે. માણસે માણવું હોય, મહોરવું હોય, ખીલવું હોય, સર્જનાત્મક બનવું હોય તો જીવનરૂપી ક્યારીમાં માટી તો માતૃભાષા રૂપી જ હોવી જોઈએ !

---

(અનુસંધાન પૃષ્ઠ 42 થી ચાલુ )

માર્કશીટ - સીટ નંબરથી રજિસ્ટ્રેશન થશે અને યુનિક આઈડી માટે આધાર કાર્ડ જોડવાનું રહેશે.

**બાયોલોજીને વધારાના વિષય તરીકે પાસ કરીને પણ હવે નીટ આપી શકાશે :-**

નેશનલ મેડિકલ કમિશન દ્વારા યુ.જી. મેડિકલ પ્રવેશ માટેની જરૂરી લાયકાતોમાં મહત્વની છૂટ આપવામાં આવી છે. મેડિકલ કમિશન દ્વારા જાહેર કરાયેલી પબ્લિક નોટિસ મુજબ હવે બાયોલોજીને વધારાના વિષય તરીકે પણ નીટમાં મંજૂરી મળી છે. એટલે કે ધો. ૧૨ બાયોલોજી વિના પાસ કર્યા બાદ જો વિદ્યાર્થી માત્ર અલગથી બાયોલોજી વિષયની એડિશનલ સબ્જેક્ટ તરીકે પરીક્ષા પાસ કરી લે તો તે નીટ આપવા અને એલિજિબીલીટી સર્ટિફિકેટ મેળવવા માટે લાયક ગણાશે. વિદ્યાર્થી રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા કોઈપણ માન્ય બોર્ડમાંથી એડિશન સબજેક્ટ તરીકે બાયોલોજી પાસ કરી શકે છે.

**ટૂંકાવીને...**

- યુ.જી. કોર્ષમાં યુનિ. પરીક્ષા મુખ્ય ચાર પ્રશ્નો સાથે હવે બે કલાકની રહેશે.
- મેડિકલ કોલેજોએ પી.જી. માન્યતા માટે હવે પરીક્ષાનું રેકોર્ડીંગ કરાવવું પડશે.
- ફાર્મસી કોલેજોમાં વિદ્યાર્થી સ્ટાફ માટે બાયોમેટ્રિક હાજરી ફરજિયાત.
- આ સાથે તમામ ફાર્મસી કોલેજની ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના આધારકાર્ડ લિન્ક કરાવવા પણ ફરજિયાત.
- ઈજનેરીની ૨૧ સરકારી કોલેજોમાં નોકરિયાતો માટે અભ્યાસક્રમ શરૂ થયા.
- બી. એડકોલેજોમાં વિદ્યાર્થીનીઓને હવેથી પ્રસૂતિની રજાઓ મળશે.
- ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી ૧૭૦૦ જેટલા શિક્ષક - કર્મચારીઓ ૩૧-૧૦-૨૦૨૩ ના રોજ નિવૃત્ત થયા છે.

નવી કેળવણી બાંગ પોકારીને કહે છે કે જ્યાં સુધી શિક્ષકના જીવનમાંથી મતાગ્રહોનું ઝેર નાબૂદ નહિ થાય ત્યાં સુધી ભણનાર વિદ્યાર્થીનો સાચો વિકાસ શક્ય નથી.

# શિક્ષણ સમાચાર

- અશોકભાઈ સોમપુરા

**તંત્રીનોંધ :** "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સમાચારોને આધારે તૈયાર થાય છે. એટલે કે એ દૃષ્ટિએ જોવા વાંચકોને વિનંતી છે.

- તંત્રીઓ

**ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા બે વાર લેવામાં આવશે :-**

કેન્દ્ર સરકાર દ્વારા સી. બી. એસ. ઈ. બોર્ડની પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવાની જાહેરાત કરાયા બાદ ગુજરાત સરકારે પણ ગુજરાત બોર્ડની પરીક્ષાઓ માટે મોટા ફેરફારો કર્યા છે. એ મુજબ હવે ધો.૧૨ સાયન્સની બોર્ડ પરીક્ષા વર્ષમાં બે વાર લેવાશે. માર્ચની બોર્ડ પરીક્ષા બાદ જુલાઈમાં બે વિષયની પૂરક પરીક્ષાને બદલે તમામ વિષયોની ૧૨ સાયન્સ બોર્ડ પરીક્ષા થશે. બન્ને પરીક્ષાઓમાંથી જે બેસ્ટ રિઝલ્ટ હશે તે ધ્યાને લેવાશે. જ્યારે ધો. ૧૦ ની પૂરક પરીક્ષા બે ને બદલે ત્રણ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા એક ને બદલે બે વિષય માટે લેવાશે. સરકાર દ્વારા બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં પણ ફેરફારનો નિર્ણય લેવાયો છે. ધો. ૧૦-૧૨ સામાન્ય પ્રવાહમાં હવે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે.

**ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા ફીમાં વધારો :-**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા ફી માં ૧૦ ટકા વધારો કરવામાં આવ્યો છે.

**સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં કોમ્પ્યુટરની માસિક ફી માં વધારો :-**

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળઓમાં કોમ્પ્યુટર વિષયની ફી માં રૂપિયાનો ૭૫ વધારો કરવામાં આવ્યો છે.

**ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી પેપરના પરિરૂપમાં બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવ્યો. :-**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ધો. ૧૦, ૧૨ સામાન્ય પ્રવાહ અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષાના પેપરો માટેના નવા પરિરૂપ જાહેર કરી દેવામાં આવ્યા છે. ત્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી પ્રથમ ભાષાના પેપરના પરિરૂપમાં બોર્દ દ્વારા એક ખૂબ મહત્વનો સુધારો કરવામાં આવ્યો છે. જેમાં પાર્ટ-એ માં ૨૦ માર્કસ્ના એક પ્રશ્નમાં ૧૨ માર્કસ્કરવામાં આવ્યા છે. આ મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના અનંગ્રેજી પ્રથમ ભાષાના પેપરમાં પાર્ટ એ-માં ૧ થી ૫૦ નંબરના પ્રશ્નોમાં પોએટ્રી (ફ્લેમિંગો) ના પ્રશ્નના ગુણભારમાં સુધારો કરાયો છે. અગાઉ આ પ્રશ્ન સામે ૨૦ માર્કસ્દર્શાવવામાં આવ્યા હતા. પરંતુ તેને ઘટાડીને હવે ૧૨ માર્કસ્કરી દેવામાં આવ્યા છે.

**ધો. ૧૨ની માર્કશીટ - આધારથી હવે સ્ટુડન્ટ એકેડેમિક ક્રેડિટ આઈડી બનશે :-**

નવી શિક્ષણ નિતિ અંતર્ગત હવે ક્રેડિટ કરિક્યૂલમ ફ્રેમવર્કના અમલ સાથે આ વર્ષે પ્રવેશ લેનારા તમામ યુ.જી. કોર્સ વિદ્યાર્થીઓના ફરજિયાત એકેડેમિક બેંક ઑફ ક્રેડિટ એકાઉન્ટમાં રજિસ્ટ્રેશન કરવા પડે તેમ છે. પરંતુ એનરોલમેન્ટ નંબરથી જ ક્રેડિટ આઈડી બનતુ હોઈ. આ અંગે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે રાજ્યની તમામ સરકારી યુનિ. ઓના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું સૌ પ્રથમ ડિજિટલ લોકરમાં ધો-૧૨ની

(અનુસંધાન પૃષ્ઠ 41 ઉપર)



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઘરશાળા
જાન્યુઆરી-૨૦૨૪
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

# શબ્દાંજલિ



'મહાત્મા ગાંધી અવસાન પામ્યા છે. સમગ્ર વિશ્વને હવે તેમનું નબળું દેખાતું શરીર અને વૃદ્ધત્વ સાક્ષીરૂપ એવો અવાજ સાંભળવા નહીં મળે. તેઓ વિશાળ માનવજાત માટે કરૂણાથી ભરેલ પ્રેમ અને નીડરતાના પ્રતીક હતા.'

'એમનો માર્ગ મુસલમાનો અને હિંદુઓ માટે સરખો પ્રકાશિત રહ્યો. એ માર્ગ દેશની મુક્તિના ધ્યેય તરફ લઈ જનારો હતો.'

'તેમના યાદગાર અંતિમ દિવસોમાં રાજકારણી ગાંધીને સ્થાને અનંતગણા મહાન એવા ગાંધી પ્રગટ થયા, તે માનવ ગાંધી'

“ગ્લોરિયડસ્ટ”

- તંત્રી લેખ
પાકિસ્તાન ટાઈમ્સ.
સાભાર - ગાંધીની ઘડિયાળ

ગુણવંત શાહ



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું